# પ્રાર્થના અને ધ્યાન

(૪-૪-૧૪)

હે પ્રભુ, મારા મધુર સ્વામી, તુ જ મારી ભીતરમાં જીવી રહ્યો છે અને સંકલ્પ કરી રહ્યો છે...

આ શરીર તારું કરણ છે; આ સંકલ્પશક્તિ તારી સેવક છે; આ બુદ્ધિ તારું હથિયાર છે; અને આખું સ્વરૂપ એ તું જ છે....

વ્યક્તિતારહિત બની જવાનું કાર્ય થઈ જાય તેને માટે હું દૃઢ મનોભાવથી રાહ જોઈ રહી હતી. હવે એવું થયું છે કે હું જાણે કશું પણ જાણતી નથી. અને સમજતી નથી, જાણે કે મેં રચના કરવાની, અભિવ્યક્તિ કરવાની, સમન્વય કરવાની, મારી ગહન અનુભૂતિઓને સમજવાની શક્તિ ગુમાવી દીધી છે....

અને હું ધારું છું કે જે વસ્તુ વિચાર કરવાને તથા સમજવાને ટેવાએલી છે તે, અને જે વસ્તુ વ્યક્તિતારહિત થઈ જવાનું તેનું કાર્ય પાડવા માટે... આ કેન્દ્રને વિખેરી નાખવા માગે છે એ બે વચ્ચે એક રીતનો સંઘર્ષ હજી પણ ચાલી રહેલો છે....

હું જો તારા ચરણોમાં મારી જાતને માત્ર મુકી દઈ શકું અને સંપૂર્ણ સમર્પણની, સંપૂર્ણ આત્મવિસ્મરણની વિશ્વાસ ભરેલી ગાઢ નિદ્રામાં શાંતિપૂર્વક પોઢી જઈ શકું તો !



મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૪ વર્ષ : ૨૦

જૂન - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઓફીસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલીતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવીયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ
**વાર્ષિક માતૃચરણે અર્પણ**
વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઓર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

- માન

પ્રભુના સંકલ્પાનુસાર પોતાના જીવનને ઢાળવું એ જ મહત્વનું છે. આપણો ચૈત્યપુરૂષ પ્રભુના સંકલ્પોમાંથી આવતા આંદોલનોને સ્વિકારે છે. અને તેમનું રૂપાંતર આંતર-પ્રેરણાઓમાં કરી નાખી આપણા નિમ્ન-સ્વરૂપ તરફ મોકલતો હોય છે. આ રૂપાંતરનું કામ ચૈત્યપુરૂષમાં રહેલી 'પ્રજ્ઞા' કરતી હોય છે. ચૈત્યપુરૂષ પ્રજ્ઞાને ધારણ કરે છે. તેથી તેને 'પ્રાજ્ઞ' અથવા 'પ્રજ્ઞાવાન' કહે છે. આવી પ્રજ્ઞા એ વિજ્ઞાનમય કોષની ખાસ ક્ષમતા છે. શ્રી અરવિંદ પ્રજ્ઞાના કાર્યને જ તાદત્મ્ય દ્વારા જ્ઞાન અથવા Knowledge by Identify કહે છે.

આપણી સુષુપ્તિ અવસ્થામાં આ આત્મભાવ સ્થિર હોય છે. તેથી જ આપણો દેહભાવ ખરી પડેલો હોય છે. પણ આ દિવ્ય-અવસ્થા આપણા સ્થૂલમનથી અજાણ રહે છે. તેથી શાસ્ત્રોમાં 'પ્રાજ્ઞ' શબ્દનાં બે અર્થ આપેલાં છે. પ્રર્કેષણ અજ્ઞઃ ઈતિ પ્રાજ્ઞઃ જે અવસ્થા બાબત આપણે તદ્દન અભાન છીએ, એવી અવસ્થા તે પ્રાજ્ઞ અવસ્થા. બીજું પ્રજ્ઞયા જ્ઞાયતે ઈતિ પ્રાજ્ઞઃ જે અવસ્થામાં પ્રજ્ઞા દ્વારા જાણવાનું થાય છે તે પ્રાજ્ઞ અવસ્થા. જુદા જુદા સંદર્ભમાં બન્ને અર્થ સાચાં છે.

તા.૨૩.૩.૧૪માં દર્શાવેલી સાધના પદ્ધતિથી પોતાની પ્રજ્ઞાશક્તિ જાગૃત કરી શકાય છે. એ આપણે ગત અંકમાં 'પ્રાર્થના અને ધ્યાનમાં' જોયું જ છે.

આ પ્રજ્ઞાના માર્ગદર્શન મુજબ જીવનને ઢાળવું એ જીવનનો મહાનિયમ છે. વિશ્વ-નિયમ છે એમ માતાજી ૨૪.૩.૧૪ની પ્રાર્થનામાં જણાવે છે. પણ આપણી બુદ્ધિ આ પ્રકારે Direct Knowledge મેળવવા ટેવાએલી હોતી નથી.



તે વિવેકનાં સહારે નિર્ણય લે છે. ત્યારે તેને 'પ્રતિભા' કહેવાય છે. જેમાં સમસ્યાનાં પ્રત્યેક પાસાને સર્વાંગપૂર્ણરીતે વિવેકથી તપાસી, ઉજાગર કરીને જ નિર્ણય લેવાય છે. 'પ્રતિ+ભા'નો આ અર્થ છે. પણ પ્રતિભાનો આ નિર્ણય બાબત પ્રતિભાને પણ ખાત્રી હોતી નથી કે તેનો નિર્ણય સાચો છે કે ખોટો. માતાજી ત્યાં જણાવે છે કે પ્રજ્ઞા દ્વારા, તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની પદ્ધતિ ન હોવાથી આવી સાશંક સ્થિતિ નિર્માણ થાય છે.

માતાજી આગળ જણાવે છે કે સમજો ભૂલ થઈ ગઈ તો મારે આમને બદલે આમ કરવાની જરૂર હતી, એવો વિચાર સાધકે ન કરવો જોઈએ. કારણ તેમ કરવું એટલે ફરી વાર તે જ ભૂલ કરવા જેવું છે. ફરી પ્રતિભા-શક્તિથી જ નિર્ણય લેવા જેવું છે. પરંતુ તેને બદલે એવો વિચાર કરવો જોઈએ કે પ્રભુની ચેતના સાથે પુરેપુરી એકરૂપ ન થવાથી મારી પ્રજ્ઞા-શક્તિ જાગૃત થઈ નહિં અને મારે નબળી પ્રતિભા-શક્તિથી જ નિર્ણય લેવો પડયો. હવે તો મારે પ્રતિભા શક્તિથી નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવવા પ્રભુની ચેતના સાથે વધારે સારી રીતે એકરૂપતામાં રહેતા શીખવું પડશે. અર્થાત પરમ-પ્રકાશ સાથે એકરૂપતા સાધવી પડશે.

તાદાત્મ્યની સાધના નૈતિક-રીતે પૂર્ણતા પ્રાપ્ત કરીને કે ધર્માચરણ કરીને પ્રાપ્ત થતી નથી. પોતાની આકાશ જેવી નિર્મળ, અસીમ ચેતના સાથે એકરૂપ થઈને તેમાંજ એકાગ્ર થઈ ને જ તે પ્રાપ્ત થાય છે. આવી ધ્યાનસ્થ અવસ્થા જ પ્રજ્ઞાની જનની છે.

માતાજીને અનુભવ થાય છે કે આ પ્રકારની સાધનાથી ચેતનાના અસીમ વિસ્તારનો તેમને અનુભવ આવવા માંડયો છે. આવી નિર્લેપ અસીમતામાં જ સંપૂર્ણ ગ્રહણશીલતા અને પ્રશાંતિની અવસ્થા રચાતી માતાજી અનુભવી રહ્યાં છે. આવી ગ્રહણ શીલતામાં જ પ્રજ્ઞા પોતાની આંતર-પ્રેરણાઓ દ્વારા કાર્ય કરવા માંડે છે.

માતાજીએ અનુભવ્યું કે પહેલા પોતે જ ગહન અનુભૂતિઓને સમજવાનો, જુની અનુભૂતિઓ સાથે સમન્વય કરવાનો, તેમને યોગ્ય-શબ્દોમાં અભિવ્યક્ત કરવામાં જે રસ લેતાં હતાં તે આ પ્રજ્ઞા જાગરણની પ્રક્રિયામાં અવરોધરૂપ બની જાય છે. કારણ તે સમગ્ર પ્રક્રિયા આખરે તો પ્રતિભાની જ ક્રિયાઓ હોય છે. બુદ્ધિનું જ તે સુસંસ્કૃત રૂપ છે. તેવું અવરોધ કરતું સ્વરૂપ શાંત થઈ જ જવું જોઈએ, એમ માતાજીને લાગે છે.

માતાજી તા.૩.૪.૧૪ની પ્રાર્થનામાં આવી પ્રવૃત્તિ છોડી દઈને તદ્દન નિષ્પાપ, સશ્રદ્ધ બાળક જેવી નિખાલસતા ધારણ કરવાની સાધના તરફ આગળ વધે છે. આવું કરવું એટલે જ પોતાની વ્યક્તિતાને વટાવી નિર્વૈયક્તિક બનવાનો પ્રયત્ન હોય છે. તે સંપૂર્ણ માધ્યમ બની રહેવાની, સંપૂર્ણ શરણાગતિની, સંપૂર્ણ ગ્રહણશીલતાની અવસ્થા છે.

હવે આ પ્રાર્થનામાં માતાજીને લાગ્યું કે તેમણે તે અવસ્થા મોટા પ્રમાણમાં પ્રાપ્ત કરી લીધી છે. પ્રતિભાની બધી ખટપટો બંધ પડી ગઈ છે. પોતે એક શુદ્ધ નિરાકાર ચેતના સ્વરૂપ બની ગયાં છે. હવે તેમને પ્રશાંતિનો અનુભવ થાય છે. તેમાં કોઈ વસ્તુ ટકાવવાનો કે બની રહેવાનો પ્રયત્ન નથી. એ 'સત્' અવસ્થા છે 'અસ્તિ' અવસ્થા છે. એક શુદ્ધ દિવ્ય હાજરી સ્વરૂપ છે. તે એક "Presence" માત્ર છે. - તેને કોઈ રૂપ નથી. અરૂપ છે. વ્યક્તિત્વહીન છે.

છતાં પણ માતાજીને લાગે છે કે પોતાની પ્રતિભાની ટેવો ટકવા મથી રહી છે અને પ્રજ્ઞા દ્વારા પ્રગટ થએલી પ્રભુની દિવ્ય હાજરી અને પ્રતિભાની કાર્યપદ્ધતિ વચ્ચે અથવા પ્રજ્ઞા અને પ્રતિભાની કાર્યપદ્ધતિ વચ્ચે સંગ્રામ ચાલી રહ્યો છે. માતાજી જાણે છે કે પ્રજ્ઞાશક્તિ એ પ્રતિભા શક્તિના કેન્દ્રને કાયમી સ્વરૂપે શાંત થઈ જવા કે તેને પ્રજ્ઞાના માધ્યમ અને કરણ તરીકે વિકસવા ફરજ પાડી રહી છે.

પોતાના વ્યક્તિત્વનો ત્યાગ કરવો, પ્રતિભાનાં ખોટા કાર્યોનો નાશ કરવો એને જ માતાજી 'આત્મવિસ્મરણ'ની અવસ્થા કહે છે. માતાજીને આ અવસ્થા



ગાઢ નિદ્રા જેવી સુષુપ્તિ જેવી લાગે છે. માતાજી સાચા અર્થમાં હવે પ્રાજ્ઞનો અનુભવ લેવા લાગ્યા છે. પ્રજ્ઞાવાન બની રહ્યાં છે. તેમાં કેટલી શાંતિ છે. તૃપ્તિ છે. શ્રદ્ધા અને આત્મવિશ્વાસ છે. સંપૂર્ણ સમર્પણ છે એનો માતાજીને અનુભવ આવી રહ્યો છે.

પૂર્ણયોગના માર્ગની શરૂઆત પ્રજ્ઞાના જાગરણથી જ થાય છે. શ્રી અરવિંદ તેને પાયારૂપ વસ્તુ ગણતા. તેઓ કહેતાં આધારમાં પ્રશાંતિ અને નિરવતા જરૂરી છે. માતાજીને ઉપર જણાએલી સંપૂર્ણ સમર્પણની અવસ્થા એ જ સાચી પ્રશાંતિ અને નિરવતા છે. આ અવસ્થા બુદ્ધિથી પેલેપારની છે. બુદ્ધિ અનુભવી શકે છે પણ તે ઈન્દ્રીયાતીત અવસ્થા છે. બુદ્ધિગ્રાહ્યં અતીન્દ્રીયં છે. પણ સાચા અર્થમાં તો તે 'યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ' છે.


## અમારાં નવા પ્રકાશનો

**શ્રી માનસિંહભાઈ ચાવડાનાં સી.ડી. પ્રવચનો**

| **વિષય** | **સી.ડી. સંખ્યા (૧૬)** | **પ્રવચન સંખ્યા (૧૨૯)** |
|---|---|---|
| સાવિત્રી સપ્તાહ | ૨ | ૬ + ૪ |
| માતૃ સ્તવન (Adoration of the Mother) | ૧ | ૧૧ |
| દેવી ભાગવત રહસ્ય | ૨ | ૬ + ૪ |
| દેવીસૂક્ત | ૪ | ૧૪+૮+૮+૬ |
| પુરૂષોત્તમ યોગ | ૨ | ૧૨ + ૭ |
| પૌરાણિક સાધનાનાં રહસ્યો | ૨ | ૧૦ + ૭ |
| પ્રાસંગિક - પ્રવચનો | ૨ | ૧૦ + ૭ |
| શ્રી માતાજીની અનુભૂતિઓ | ૧ | ૯ |

**કિંમત : સમગ્ર સેટ - ૨૫૧-૦૦ સી.ડી.દીઠ - રૂા.૨૦-૦૦**

# રસાસ્વાદ

## Electron

- માન

THE electron on which forms and worlds are built,
Leaped into being, a particle of God.
A spark from the eternal Energy spilt,
It is the Infinite's blind minute abode.

આ કાવ્યમાં શ્રી અરવિંદ એક જ પરમતત્વે અનંતરૂપો કેવી રીતે નિર્માણ કર્યાં છે. તેની વિગતો આપે છે અને તે પરમતત્વ અંતે માનવમાંના ચૈત્યપુરૂષ દ્વારા કેવી રીતે ફરી પરમ સ્વરૂપ પ્રાપ્ત કરે છે તેની તરફ અંગુલી નિર્દેશ કરે છે.

**શ્રી અરવિંદ જણાવે છે કે**

ઈલેકટ્રોન્સની વિવિધ સંખ્યા અને તેની સામૂહિક રચના ને કારણે જ આ જગત અને તેમાંના વિવિધ તત્વો આકાર પામ્યાં છે. ખરેખર તો આ ઈલેક્ટ્રોન્સ એ પરમતત્વનો જ એક અંશ છે અને તેણે આ સંપૂર્ણ સૃષ્ટિનો આવિર્ભાવ કરેલ છે. ઈલેકટ્રોન્સ એ તે અસીમ ચેતનાનું એક નાનકડું રહેઠાણ છે જેમાં તે અસીમ ચેતનાનો અંશ એટલે જ ચૈત્યપુરૂષ રહે છે. તે જ શિવ-તત્વ છે. ઈલેકટ્રોન્સ જાણે તે ચૈત્યપુરૂષનો, તે શિવતત્વનો વાહક રથ છે પણ આ રથમાં ઝળહળતી અણુ શક્તિ સમેટાઈને પડેલી છે.

In that small flaming chariot Shiva rides.
The One devised innumerably to be;



His oneness in invisible forms he hides,
Time's tiny temples of[1] eternity.

આ રીતે જ એક અસીમ તત્વે અનંત રૂપો ધારણ કરેલાં છે. અનંતરૂપોને લીધે તે પરમતત્વની એકતા કાંઈ ખંડીત થતી નથી, પણ તે પરમતત્વ પોતાની એકતાને અન્ય દિવ્ય-સ્વરૂપોમાં જાળવી રાખે છે. તે દિવ્ય-સ્વરૂપો માનવને નરી આંખે દેખાતા નથી.

આ રીતે ઈલેકટ્રોન તો પોતે વિનાશી હોવા છતાં તે અવિનાશીનું એક નાનકડું મંદીર બની જાય છે.

Atom and molecule in their unseen plan
Buttress an edifice of strange onenesses,
Crystal and plant, insect and beast and man,
Man on whom the World-Unity shall seize,

ઈલેકટ્રોન્સ, પ્રોટોન્સ અને ન્યુટ્રોન મળીને એટમ અથવા પરમાણુ તૈયાર થાય છે. ઈલેકટ્રોન્સ, પ્રોટોન્સ અને ન્યુટ્રોન્સની સંખ્યામાં વધારો થતા જુદા જુદા મૂળતત્વો બને છે. તેમના ગુણધર્મો પણ બદલાય છે. આ રીતે ઈલેકટ્રોન્સ, પ્રોટોન્સ અને ન્યુટ્રોનની વિવિધ રચનાઓને કારણે વિવિધ ગુણધર્મ ધરાવતા મૂલદ્રવ્યો નિર્માણ થાય છે અને તે મૂલદ્રવ્યોના મિશ્રણમાંથી વિવિધ ક્ષારો ખનીજો, રસાયણો અને પદાર્થો બનીને આ ભૌતિક જગત નિર્માણ થયું છે. આ જગતમાં આટલી વિવિધતા હોવા છતાં આ વિવિધતાની ઈમારત નીચે એકતાનો આધાર અડીખમ ઉભો હોય છે. આ રીતે સ્ફટીકો, જંતુઓ, વનસ્પતિઓ, પ્રાણીસૃષ્ટિ અને માનવ નિર્માણ થયાં છે.માનવ જ હવે તે પાયારૂપ માનવની એકતાને ફરી પ્રકટ કરશે. અને તેમાંથી પરમાત્માની એકતા ધીમે ધીમે વિકસશે.

Widening his soul-spark to an epiphany
Of the timeless vastness of Infinity.

પણ તેની તે અસીમ એકતા પ્રકટાવવાની પદ્ધતી ખૂબજ અદ્‌ભૂત હશે. તે પોતાનાં હૃદયમાં રહેલા દિવ્ય-સ્ફૂલિંગરૂપ ચૈત્યપુરૂષને વિશાલ કરતો કરતો ક્ષિતિજોને આંબી જશે અને તે પરમતત્વની સમયાતીત અસીમતાને પ્રકટ કરશે આ રીતે અસીમમાંથી સિમિતતા અને ફરી અસીમતા ને પ્રાપ્ત કરશે.

અસીમ ચેતનામાંથી ઈલેકટ્રોન્સ કેવી રીતે આવિર્ભાવ પામ્યા તેનું વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સંશોધન કેટલું મેળ ખાય છે તે જોવું અને સમજવું આપણા જેવાં બૌદ્ધિક લોકો માટે ખુબ જ લાભદાયક પુરવાર થશે. આપણે જાણતા અજાણતા આપણું આત્મગૌરવ ફરી પામી શકીશું.

ભૌતિક જગતનું અને તેમાંના પ્રાણીઓનું સર્જન આ બે ભિન્ન અને એકબીજાથી અસંલગ્ન પ્રક્રિયાઓ નથી. પણ એક જ પ્રક્રિયાનાં બે તબક્કા છે. પરમ-ચેતનાની અવક્રાંતિની પ્રક્રિયાના અંતે ભૌતિક-જગત રચાયું; જ્યારે પરમ-ચેતનાની ઉત્ક્રાંતિના તબક્કામાં જડ પદાર્થોમાંથી પ્રાણી-સૃષ્ટિ રચાઈ છે. પરમ-ચેતનાની સક્રિય અવસ્થામાં નિર્માણ થયેલા પ્રવાહો એટલે જ વિશ્વ-શકિતઓ. તેઓની અતિ-સક્રિયતાને કારણે તેઓ ઘનીભૂત થઇ ગઇ અને તેમાંથી ભૌતિક જગતનાં વિવિધ ક્ષારો ખનીજો, રસાયણોની રચના થઇ. તેમાંથી આ ભૌતિક - તત્વ રચાયું છે. આ વિશ્વ-શકિતઓ ચેતનામાં સક્રિય બને છે ત્યારૈ પોતામાંથી જ પ્રકાશ અને તેના આંદોલનો ઉત્સર્જીત કરે છે. આમાંથી જ વિશ્વકિરણો રચાયાં. તેમાંથી બીટા, આલ્ફા, ડેલ્ટા અને થીટા જેવા વિશ્વકિરણો રચાયા આ વિશ્વકિરણો તરંગ સ્વરૂપે પ્રવાસ કરે છે જેને Wave Theory કહે છે પણ તરંગમાં નિશ્ચિત ફોટોન અર્થાત પ્રકાશકણોની સંખ્યાની હારમાળા હોય છે જેને Quantum Theory કહે છે. આને જ વેદોમાં 'નાદ' અને 'બિન્દુ' તરીકે વર્ણવેલાં છે. આવી પ્રકાશમય શકિતને જ વેદો 'પ્રાણશકિત' કહે છે તે પ્રાણશકિતનાં જ ઘનીભૂત આકારો એટલે ભૌતિક-જગત! તે જ શકિત જયારે પ્રાણીમાં ચેતના અને જીવન તરીકે પ્રગટ થવા માંડે છે



ત્યારે તેને વેદો 'ઓજસ' કહે છે. (જુઓ ગીતા અ.૧૫)

આ પ્રાણશકિતનાં જ અનંત વચળો એટલે અણુ. અણુ ઈલેકટ્રોન્સ, પ્રોટોન્સ, ન્યુટ્રોન્સનો બનેલો છે અને આ ત્રણે પાછા કવાર્ક અને ગ્લુઓનનાં બનેલાં છે. ન્યુટ્રોનમાં ૩, પ્રાટોન્સમાં ૨ અને ઈલેકટ્રોનમાં ૧ કવાર્ક અને તેની આસપાસ ગ્લુઓન હોય છે. આજનું વિજ્ઞાન આથી નીચે હજી પ્રવેશી શકયું નથી ઈલેકટ્રોન્સ ઋણ-વિધુત ભારિત છે. જેને વેદો 'પ્રાણવાયુ' કહે છે. પ્રોટોન્સ ધન-વિધુત ભારિત છે જેને વેદો અપાન કહે છે. આ બન્નેમાં સતત વહેતી વિદ્યુતશકિતને આજનું વિજ્ઞાન AC Current કહે છે. ન્યુટ્રોન બન્ને પ્રકારના વિધુતભારિત છે અને તેમાં ધન અને ઋણ વિદ્યુતપ્રવાહ વારાફરતી નિર્માણ થવાથી તેને આજનું વિજ્ઞાન DC Current કહે છે. ન્યુટ્રોન કેન્દ્રમાં હોય છે. તેના જો ધનવિદ્યુતભારિત પ્રવાહ તીવ્ર હોય અને બીજો મંદ હોય તો ઋણવિદ્યુતભારિત ઈલેકટ્રોન આકર્ષણથી તેની આસપાસ ગોઠવાય છે અને ધનવિદ્યુતભારિત પ્રોટોન્સ પરિઘ ઉપર ગોઠવાય છે. આવી રચનાને આજનું વિજ્ઞાન Anti-Proton અર્થાત 'પ્રતિપદાર્થ' કહે છે. જો ન્યુટ્રોનમાંનો ઋણવિદ્યુતપ્રવાહ તીવ્ર અને અન્ય નબળો હોય તો ઉપર કરતાં અવળી સ્થિતિ રચાય છે. અર્થાત ન્યુટ્રોનની આજુબાજુ પ્રોટોન્સ અને પરિઘ ઉપર ઈલેકટ્રોન્સની સ્થિતિ હોય છે. આવી અવસ્થાને "Positron" અર્થાત 'પદાર્થ' કહે છે આ ભૌતિક તફાવત જ ઉત્ક્રાંતિમાં X અને Y રંગસૂત્રોનાં તફાવત તરીકે વિકાસ પામ્યો છે, જે નર અને માદાની શરીર રચનામાં મૂળભૂત અને મહત્વનો તફાવત રચે છે.

વેદોમાં પ્રાણશકિતનું ઉગમ સ્થાન 'સૂર્ય' કહેલું છે. તેમાંથી જ બાર આદિત્યો પ્રગટ થાય છે. જેમને વેદોમાં આદિત્ય કહ્યાં છે. તે વિશ્વ-કિરણો છે. સૂર્યમાંથી નિકળતાં કિરણોમાં અમુક અદશ્ય કિરણો હોય છે. અમુક દશ્ય. સૂર્યકિરણો દશ્ય પ્રકાર છે જયારે ગેમા, ક્ષ, પારજાંબલી પારરકત,

માયાક્રોવેવ્હ, રેડીયો તરંગ આ બધાં અદશ્યનાં પ્રકાર છે. રેડીયો-તરંગની લંબાઇ સહુથી વધારે અને ગેમાની સહુથી ટુંકી હોય છે આવા વિવિધ-કિરણોનો એક પટ્ટોજ વિશ્વમાં સર્જાએલ છે જેમને બાર આદિત્યો તરીકે વેદ વર્ણવે છે. જેમને વેદોમાં ધાતા, મિત્ર, અર્યમાં, રૂદ્ર, વરૂણ, સૂર્ય, ભગ, વિવશ્વાન, પુષન, સવિતૃ, ત્વષ્ટા અને વિષ્ણુ કહેવામાં આવે છે તેમાંથી માનવશરીર સાત પ્રકારનાં આદિત્યોનાં પ્રકાશને સ્વિકારી શકે છે, જે સપ્ત યોગ ચક્રોની ક્ષમતા છે. વળી આ સાત આદિત્યોના ફરી મંદ, મધ્યમ, તીવ્ર કિરણો તરીકે ત્રણ પ્રકાર પાડયાં છે. આમ આ ભૌતિક જગતમાંની વસ્તુઓ 7X3=21 પ્રકારનાં સૂર્યકિરણોમાંથી બનેલી છે એમ વેદો જણાવે છે (ત્રિષપ્તાઃ પરિયન્તિ વિશ્વા રૂપાણિ બિભ્રતઃ (અર્થવ-૧-૧-૧)

અખિલ બ્રહ્માંડ તો બારે બાર આદિત્યનાં મંદ મધ્યમ, તીવ્ર આ પ્રકાર ભેદથી કુલ 12X3=36 સૂર્ય કિરણોમાંથી બનેલું છે તેથી વેદો જણાવે છે કે ''નૂનં જનાઃ સૂર્યેણ પ્રસૂતાઃ''

૨૧ કિરણોની ક્ષમતા સાથેનું માનવી-શરીર એ હાલની સ્થિતી છે. ૩૬ કિરણોની ક્ષમતાવાળું ભવિષ્યમાં જે ઉત્ક્રાંત શરીરો નિર્માણ થશે તેમની ક્ષમતા દર્શાવે છે. (કોઇપણ 'યંત્ર'માં ૩૬ કરતાં વધારે મોટો આંકડો હોતો નથી તેનું કારણ આ છે)

સૂર્ય કિરણોના બે કાર્ય છે. **(૧) બ્રહ્મોદન** - અર્થાત પરમ ચેતનાનું રૂપાંતર પોષક-શકિતઓમાં 'ઓદન' (અન્ન) માં કરવાનું **(૨) પ્રવર્ગ્ય** - વિવિધ પ્રકારની યોનિઓ રચવાનું.

આમ સૂર્યનાં વિશ્વ-કિરણો સ્વરૂપ આદિત્યો, તેમાંથી બ્રહ્મોદન-શકિતઓ અને પ્રવર્ગ્ય-શકિતઓ નિર્માણ થઇ તેમના કાર્યના પરિણામ રૂપ નાદ અને બિન્દુ રચાય છે (Wave and Quantuon), તેમાંથી ગ્લુઓન, કર્વાક તેમાંથી ઇલેકટ્રોન, પ્રોટ્રોન્સ, ન્યુટ્રોન્સ, તેમાંથી ક્ષારો, ખનીજો,



રસાયણોનાં અણુ, તેમાથી પદાર્થ પ્રતિપદાર્થ, તેમાંથી X, Y રંગસૂત્રો તેમાંથી શારિરીક કોષો અને તેમાંથી પ્રાણી જગત રચાયું છે.

આ રીતે શરીર રચનાને કારણે પરમ ચેતનાએ અનંત રૂપે પોતાને પ્રગટ કરવા પોતાના અંશ સ્વરૂપ જીવાત્માઓની રચના કરી. જીવાત્માએ પોતાના સંકલ્પાનુસાર શરીરમાં ચૈત્યપુરૂષ રૂપે પોતાનું આવિર્ભાવ કેન્દ્ર રચ્યું. આવા અનંત ચૈત્યતત્વોનું રહેઠાણ એટલે માનવી શરીર, દરેક શારીરિક કોષમાં એક એક ચૈત્યતત્વનો અંશ રહેલ છે. આપણું શરીર આવા બીજ-સ્વરૂપ ચૈત્યતત્વોનો ક્યારો છે. એક પ્રગત, સ્વરૂપ ધારણ કરેલો ચૈત્યપુરૂષ તેમનો વિકાસ સાધે છે. આપણા ચૈત્યપુરૂષ તરીકે આપણે આ પ્રગત - ચૈત્યપુરૂષને ઓળખીએ છીએ. આ ચૈત્યપુરૂષ જ ચૈત્યતત્વના અંશોને વ્યક્તિ-સ્વરૂપે - ચૈત્યપુરૂષ તરીકે વિકસાવવા પ્રયત્ન કરતો હોય છે. આ શિવ સ્વરૂપ ચૈત્યપુરૂષનું કાર્ય છે, પરમ-ચેતનાની એકતાને ફરી પ્રગટ કરવા માટે તે પોતાની શકિતથી શારીરિક-કોષોને ગુંદી-ગુંદીને, વિકસાવીને તે ક્યારામાંથી એકથી એક ઉત્ક્રાંત અતિમાનવ રૂપો સર્જશે. માનવમાં જ પ્રથમ પરમ-ચેતનાની એકતાનો ખ્યાલ પ્રગટ થશે અને તે વિકસતો જશે અને અંતે અનંત ચેતના સ્વરૂપે વિસ્તરશે.

આ છે આ 'Electron' કાવ્યનું રહસ્ય.

**આ અંકના સહભાગી સાધકો**

**શ્રી અંબાપ્રેમી શાહના**

**જન્મદિન (૨૫.૬.૦૮)ની સ્મૃતિ-વંદના**

* શ્રી પ્રમોદભાઈ શાહ પરિવાર * શ્રી પ્રકાશભાઈ શાહ પરિવાર

# સહજ-સત્સંગ

## સામુહિક-યોગ

### શ્રી માતાજીનાં ૩-૭-૫૭ની અનુભૂતિ ઉપર આધારિત

- માન

''મધુર માતાજી, સામુહિક-યોગ શું છે? તે કેવી રીતે કરાય?''

''ઓહ..... બેટા તે પશ્ન પુછયો એટલે અચાનક મારી સામે એક અનુભૂતિ ફરી પ્રગટ થઇ, પહેલા તે રાત્રીનાં પ્રથમ પ્રહરમાં આવેલી''

''બેટા.... મને તે અનુભૂતિ નીચે મુજબની આવેલી. મેં એક મોટી હોટેલ જોઇ. તેમાં અનેક ખંડો હતાં, દરેક ખંડમાં વિવિધ સ્વભાવનાં લોકો રહેતા હતાં અને પોતાના કાર્ય-કલાપોમાં મગ્ન હતાં. તેમને જાણે અન્ય રહેવાસીઓ સાથે કોઇ લેવાદેવા નહિં.

તે હોટેલની માલિક એક આધેડ સ્ત્રી હતી. તે હોટેલના કેન્દ્રસ્થ એક મોટા ખંડમાં પોતાની પુત્રી સાથે રહેતી હતી. માલિકનો સ્વભાવ ખૂબ જ આકરો. હોટલ બાબત તેના પોતાના આદર્શો અને ખ્યાલો હતાં. તેમાં કોઇ તફાવત કરવાની તેને જરૂર લાગતી નહોતી. દિકરી યુવાન હતી. તેના ખ્યાલો નવીન હતાં. તે હોટેલના વ્યવસ્થાપનને નવો ઓપ આપવા માંગતી હતી. પણ તેનું કાંઇ હજી ઉપજતું નહોતું. તેને બિન-અનુભવી સમજવામાં આવતી હતી, તેથી તે ગુંગળામણ અનુભવતી હતી. તેણે વિચાર કર્યો, ફરી હોટેલની સમગ્ર



વ્યવસ્થાજોઇ લઉં અને પછી ઉકેલ શોધું. તે પોતાના ખંડમાંથી બહાર નિકળી અને દરેક ખંડમાં રહેનારાઓનું નિરિક્ષણ કરતી સમગ્ર હોટેલમાં ફરી વળી. ત્યાં અચાનક જાણે ધરતીકંપ આવ્યો અને હોટેલમાં પડઝડ થવા લાગી. તેણે ભાગીને પોતાનો ખંડ શોધવા પ્રયત્ન કર્યો પણ શોધી શકી નહિ . તેને કોઇ પરિચિત નિશાનીજ મળતી નહોતી. પણ સદ્ભાગ્યે તે મેનેજરની ઓફીસમાં આવી ચડી અને મેનેજર ને માર્ગ દર્શાવવા વિનંતી કરી. મેનેજર એક યુવાન સ્ત્રી હતી.

''હાં,નાના માલકણ, ચાલો હું તમને તમારા ખંડ તરફ દોરી જાઉં'' તેણે સામે લટકતાં વિવિધ ચાવીનાં ઝૂડાઓમાંથી એક લીધો. અને માલિક-પુત્રીને પોતાની પાછળ આવવા કહ્યું. બન્ને કુશળતા પૂર્વક આગળ વધી રહ્યાં હતાં અને પુત્રીને લાગ્યું કે હવે તેઓ ખરેખર તેમના ખંડ પાસે પહોંચી ગયાં છે. ત્યાં ફરી ઉત્પાત શરૂ થયો. જોતજોતામાં પેલી મેનેજર પણ અદૃશ્ય થઇ ગઇ. પુત્રીને લાગ્યું હવે તો તેણે પોતેજ માર્ગ શોધવો પડશે. માર્ગ જુનો ચાતરેલો રહ્યો નહોતો. પોતે જ ચાતરવો પડશે.''

માતાજી અચાનક આ અનુભૂતિમાંથી જાગૃત થયાં, તેઓ પેલી પુત્રીની જેમજ અસ્વસ્થ બની ગયાં હતાં. પણ થોડીવારથી ફરી ઉંઘી ગયાં. બીજે દિવસે સવારે આ અનુભૂતિને જ ભૂલી ગયાં હતાં.

''પણ બેટાં તે પ્રશ્ન પુછયો અને મને ફરી તે અનુભૂતિ યાદ આવી અને મને તેનો અર્થ પણ બેટા, હવે સમજાયો''

''જો બેટા, અહિ પેલી આધેડ જીદ્દી હોટેલ માલિક એટલે આ ભૌતિક જગતની જડ પ્રકૃતિ, વિવિધ ખંડોમાં રહેતા લોકો એટલે વિશ્વશકિતઓ જે પોતે ટેવ મુજબ કામ કર્યે જાય છે. પેલી પુત્રી એટલે નૂતન જન્મેલી અતિમનસ ચેતના. સ્ત્રી મેનેજર એટલે આપણું મન, જે આ ભૌતિક જગતનું વ્યવસ્થાપન હાલ કરે છે. ધરતીકંપ અને તેથી થએલ ફેરબદલ એટલે અતિમનસ ચેતનાનું ૧૯૫૬નું અવતરણ અને તેથી ઉભરાઇ આવેલાં અવચેતન અને અચેતનનાં બળોનો

ઉત્પાત. જુની પ્રકૃતિ પેલી જીદ્દી માલકણની જેમ પોતાની ટેવ અને સ્વભાવ છોડવા તૈયાર નથી. તે અતિમનસ-ચેતનાને બિન-અનુભવી અને નાદાન ગણે છે. પુત્રીની હોટેલનું વ્યવસ્થાપન સુધારવાની ઇચ્છા એટલે નવું અતિમનસ જગત રચવાનો પ્રયત્ન. સ્ત્રી મેનેજરનું વચમાંજ અદૃશ્ય થવું એટલે મન બુદ્ધિનું પુરેપુરૂ માર્ગદર્શન આપવાની અક્ષમતા. અતિમનસ ચેતનાને પોતાની રીતેજ પોતાનો માર્ગ કાઢી નવરચના કરવાની રહેશે એ જ છે નૂતન સાહસ.

માતાજીએ જણાવેલ કે સમૂહ યોગ વિષે શ્રી અરવિંદે દિવ્ય-જીવનનાં છેલ્લાં પ્રકરણમાં પોતાની નોંધો આપેલી છે.

નવી સામુહિક યોગ-સાધના અને જુની સામુહિક - યોગ- સાધનામાં મોટો તફાવત રહેશે. જુના સામુહિક - જીવનમાં બાહ્ય સમાનતા વધારે હતી અને તે સમાનતા કડક શિસ્તને કારણે રચાતી અને ટકી રહેતી દા.ત. સમાન પહેરવેશ, સમાન વર્તન પ્રકારો, રીતી રિવાજો, માન્યતાઓ, ખાવાપીવાની ટેવ, પ્રાર્થનાનાં સમાન પ્રકારો, સમાન ક્રિયાકાંડ, સમાન જીવન વ્યવસ્થા દા.ત. અમુક સમયે ઉઠવું, અમુક સમયે સાધના, વગેરે. કોઇ સમાન-આદર્શ-જીવનમાં લાવવા આવી સમાનતાઓ રચવામાં આવેલી હોય છે. પણ તે સમૂહની આંતરિક ચેતનામાં તદ્દન વિરોધાભાસી પ્રકારો, અંધાધુંધી, આંતર અને બાહ્ય જીવનમાં તફાવત અને અનુભૂતિઓનો અભાવ જણાશે. સારાંશ બાહ્ય સમાનતાને આંતરિક આધાર નહિ હોય.

અતિમાનસિક સમાજમાં આંતર-અનુભૂતિનાં પાયા પર જ સમાજ રચાશે. આંતરિક - એકતાની અનુભૂતિ હશે. હું જ વિવિધ સ્વરૂપો દ્વારા જીવી રહ્યો છું. એવી તે અનુભૂતિ હશે. તે એકતા એક ચૈતસિક-એકતા હશે.

આનો અર્થ એ થયો કે પ્રથમ બધાને અનુભૂતિનાં આધારે પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન મેળવી લેવું એ પ્રાથમિક ગરજ હશે. શ્રી અરવિંદ કહેતા કે જ્યાં પુરાતન યોગ પુરો થાય છે ત્યાં આ યોગની શરૂઆત થાય છે. તેમાં પણ આ જ સત્ય



રહેલ છે. આત્મસાક્ષાત્કાર એ સામુહિક યોગની પણ પ્રાથમિક ગરજ હશે. પાયાની ગરજ હશે.

બધાજ આત્મ-સ્વરૂપ છે તે સત્ય વૈચારિક રીતે સમજવું અને સ્વિકારવું સહેલું છે. પાર્થિવ કક્ષાએ તે રીતે અનુભવવું એ તેથી પણ કઠણ છે કારણ ત્યાં સાધક ભૌતિક - જીવન જીવતાં પણ ભૌતિક કક્ષાએ પણ બધાને આત્મ-સ્વરૂપ જ ગણવાની ટેવ પાડે છે. તેવું વર્તન રાખે છે. સમજો આ પણ શક્ય થયું તો પણ પ્રાણમય કક્ષાએ ભાવનાના ટકરાવ વચ્ચે પણ આ ભાવ રાખવો તેથી પણ મુશ્કેલ જાય છે. તે પણ અભ્યાસથી સમજો પ્રાપ્ત કર્યો તો પણ અવચેતન અને અચેતનમાં તે સત્યને અનુભવવું સહુથી મુશ્કેલ છે. સ્વપ્નમાં પણ આત્મભાવ ખીલી ઉઠવો એ એક મહાન સિધ્ધિ ગણાશે.''

તેથી શ્રી અરવિંદ જણાવે છે કે સાધનામાં બે-તરફી સાધના આગળ વધવી જોઇએ. વ્યકિતગત સાધના સાથે સામુહિક-સાધનામાં પણ સાથે સાથે વિકાસ થતો રહે તો વ્યકિતગત સાધના ને ભાવિ - ઉચ્ચ તબકકાઓ હાંસલ કરવા સહેલા જાય છે. સમૂહ પહેલાથી તૈયાર હોય તો વ્યકિતને મદદરૂપ બની શકે છે.

''તેથી જ હું સમૂહ - ધ્યાનને ખૂબ જ મહત્વ આપું છું. આવા સામુહિક-ધ્યાન દરમિયાન આપણે આપણા અસ્તિત્વનાં વધારેને વધારે ઉંડાણમાં પ્રવેશવું જોઇએ અને અંદર એક એવી જગ્યા છે, જયાં સ્થિર રહીને તમે સાચી એકતાનું વાતાવરણ સર્જી શકો છો. તમે દરેક વિચાર અને ભાવનાને યોગ્ય સ્થાને ગોઠવી શકો છો. પ્રથમ આવી સુસંવાદિ-સૃષ્ટિનું સર્જન અંદર કરવું પડશે. તે સર્જન તે પછી તમારા વર્તન, વાણી, અને સૂક્ષ્મપ્રભાવ દ્વારા અન્યોને પણ તે એકતામાં સહજ રીતે જોડાવા પ્રેરશે... અતિમનસ જગતની રચનાનો આ સાચો, સહજ અને પ્રભુ-માન્ય પ્રકાર ગણાશે.''

ચાલો આપણે આ દિશામાં સાચા દિલથી ડગલું ભરીએ.''

# મૃત્યુ

- શ્રી અનિરૂદ્ધભાઈ સ્માર્ત

એક સ્નેહી મિત્રનો પ્રશ્ન છે : ''મૃત્યુને તમે અર્ધસત્ય કેમ કહો છો ? અને એમ કહેવા પાછળ તમારી શી ધારણા છે ?

મને આ પ્રશ્નનો જવાબ આપવો ગમશે. ભૂપેન્દ્રભાઈને ભાવાંજલિના લેખમાં છેવટના ભાગે મેં તેનો અછડતોઉલ્લેખ કરેલો છે. પરંતુ તે પ્રસંગ કે એવા બીજા કોઈ બનાવ સાથે બિલકુલ પણ જોડયા વગર, આગળની તેની વિચારણા માટે આવશ્યક સંદર્ભ પર એક નજર નાંખી લેવા ઈચ્છું છું.

''મૃત્યુ'' એ સહુના સામાન્ય અનુભવની એક નિશ્ચિત વાસ્તવિકતા છે. તે બધી વાતનો એક સપાટે છેડો ફાડી નાંખે છે. આથી એની એટલી આકરી અસર ઊભી થાય છે કે જાણે કે એ જ એક અંતિમ સત્ય છે. મરણાન્તે કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ પુનઃ પ્રસ્થાપિત થતો નથી. મૃત્યુ બધું જ ભૂંસી નાંખે છે. જે કોઈ જનાર હોય, તો જનારની કશી જાણ-ભાળ મળતી નથી. બધું નિઃશેષ થઈ જાય છે. જેના અસ્તિત્વમાં હોવાની આપણને જીવતીજાગતી પરિચિતતા હતી, તે તો ભડકે બળીને રાખ થઈ જાય છે. આ દારૂણ કરૂણ ઘટનાને કોઈ પ્રમાણની પણ જરૂર નથી. તો પછી તેને અર્ધસત્ય કહી ઊડાવી કેમ દેવાય !

હું એને અર્ધસત્ય એટલા માટે કહું છું કે ક્યારેય તે પૂર્ણસત્ય હતું નહીં, છે નહીં અને હશે નહીં. આમાં શ્રદ્ધાની કોઈ વાત નથી. અધ્યાત્મના સાધકની આ એક નગદ આંતર પ્રતીતિ છે. માણસની આજ તો આંતર વેદના છે, આંતર કસોટી છે, કે અંદરથી જે એક 'સનાતન સત્' તરીકે અનુભવાય છે તેને આપણે વાણીમાં



ઊતારી શકતા નથી. કે સામી વ્યક્તિમાં તે હકીકતની પ્રતીતિ આપમેળે ઉભી કરી શકતા નથી. એ 'સનાતન સત્' તો કેવળ નિજના જ અનુભવનો પ્રભુ પ્રસાદ બની રહે છે.

બધી જ બાબતમાં તેમ આમાં પણ એક વ્યક્તિનો સ્વકીય આંતર અનુભવ બીજાને ઝાઝો ખપ લાગતો નથી. બુદ્ધિ તેને અંગત ગણી, જોયું ન જોયું કરી બાજુએ હડસેલી દે છે. તો બીજી બાજુ આ પણ એક નક્કર હકીકત છે કે જેને આપણે 'મૃત' તરીકે ઓળખીએ છીએ તે પોતે તો કાંઈ, હાડમાંસના ક્લેવરમાં પોતાના તરફે જુબાની આપવા આવનાર નથી કે જેથી કોઈ સ્પષ્ટ નિર્ણય પર આવી શકાય. શબ તો શબ જ રહે છે.

આમ સ્વ, અગર આત્મ લક્ષિતા (Subjectivity) અને પર, અગર વસ્તુલક્ષીતા (objectivity) એમ બુદ્ધિનાં બે તડાં પડી જાય છે. બન્ને પોત પોતાની જગ્યાએ બરાબર હોઈ શકે પણ બન્ને વચ્ચેનો વિરોધાભાસ એટલો તો ગંભીર અને ભારી છે કે મન-બુદ્ધિની ભૂમિકા પર તેનો મેળ મેળવવો અઘરો છે.

પૂર્ણ સત્ય તો સ્થળ-કાળમાં અને સ્થળ-કાળની પર અખંડ અને એક સરખું અનુભવાય છે. આથી આત્મલક્ષિતા અને પરલક્ષિતા, Subjectivity and objectivity બન્ને સ્વયં અધૂરાં છે અને તેથી પૂર્ણ સત્યને પામવા સક્ષમ નથી. પૂર્ણ સત્યનો નિઃશેષ અનુભવ કરાવવાનું તેમનું ગજુ જ નથી. બન્ને ખંડિત સત્યો છે. સમસ્ત વિશ્વમાં સતત ચાલી રહેલી એક મહા પ્રબળ અને સમર્થ સર્જન-વિસર્જનની પ્રક્રિયાનો 'મૃત્યુ' એક અતિ બળવાન હિસ્સો છે પરંતુ તેથી તેને પૂર્ણ સત્યનો સ્વાંગ નવાજી પૂર્ણ સત્ય તરીકેની સ્વીકૃતીની મહોર તો ન જ મારી શકાય.

વિશેષમાં પૂર્ણ સત્ય તો અનેક પાસાંદાર અને તેજસ્વી હીરા જેવું છે. તેની જે પહેલ પર, જે સમયે, જે રીતે આપણું ચિત્ત જડાયું તે રીતે તે જોડાણની ક્રિયા તરત જ આપણા ચિત્તમાંથી બીજા પાસાંઓનું ભાન ઓગાળી નાંખે છે અને તે જ એકમાત્ર 'સત્ય' હોવાનો પ્રચંડ આભાસ અને અહેસાસ ઊભો કરી દે છે.

હવે જો આપણી માન્યતા અને તત્ જન્ય આપણી માનસિકતા ભૌતિક

વાદીની (Materialist)ની હોય કે કહેવાતા ક્ષુલ્લક બુદ્ધિવાદીની હોય તો વિચાર વલણના પાટા બદલાઈ જાય છે. મૃત્યુના આઘાતની અસરની ઉગ્રતા કે અલ્પતા પ્રમાણે વ્યક્તિ આંતરિક સમાધાન પર આવી જાય છેઃ ''જગત ગતિશીલ છે. ગતિશીલ છે માટે પરિવર્તનશીલ છે. અને પરિવર્તનશીલ છે માટે મૃત્યુશીલ છે. ચાલતું આવ્યું છે અને ચાલવાનું. કોઈ આમાંથી મુક્ત નથી. વાત પૂરી થઈ ગઈ. Collect the Insurance. વીમાના નાણાં મેળવી લો. બાકી બધું ભૂલી જાવ.

પરંતુ પ્રભુ પરસ્ત વ્યક્તિ માટે અથવા અધ્યાત્મનિષ્ઠ વિચાર ધારાનું અનુશીલન કરનાર માટે આવી કોઈક માર્મિક ઘટના સત્યની શોધ માટેનું આધારબિંદુ બની શકે છે.

"There is Somthing which is not, Nothing." 'કાંઈક જરૂર છે જે શૂન્ય નથી.' અને આ કંઈક એવું હોઈ શકે કે જે બધી વિસંગતાઓ અને વિરોધાભાસોનો પોતાનામાં સમરસતાપૂર્વકનો સમાવેશ સાધીને તેની ઉપર અને પાછળ રહેલી અખંડતા અને ઐક્યનો આપણને જરૂર સંસ્પર્શ આપી શકે.

Apparent must have its secret Parental truth. જે ઉપર છલ્લી દેખીતી હકીકત છે તેની પાછળ તેનું કોઈ સાચું પ્રભવ-બિંદુ, આધાર-બિંદુ હોવું જોઈએ.

તો એ શું હોઈ શકે ? અને મનમાં તરત જ એક તેજ રેખા અંકાઈ જાય છે. મરનારની હયાતી શાથી હતી ? માના ગર્ભમાં જે ક્ષણે જીવંત ચેતન બીજ વવાયું તે જ વિકસિત થઈ દેહ રૂપે જન્મ ધારણ કરી મૃત્યુ પર્યંત તેને સચેતનતા રાખી રહ્યું હતું. એ બીજમાં પોતાની મૌલિક સચેતનતા ક્યાંથી આવી ? બાળક કાંઈ માતાપિતાની ઝેરોક્ષ કોપી નથી. વંશ શાસ્ત્ર, ઈતિહાસ ભૂગોળ વગેરે દરેક તેમાં જે કાંઈ ભાગ ભજવતા હોય છતાં તે બધાને અતિક્રમીને 'જન્મનાર' તો કોઈ નિરાળું, સર્વથી અનોખું અને પોતિકું વ્યક્તિત્વ પ્રગટ રૂપે દર્શાવે છે.

જેમ એક લીમડાના વૃક્ષના અગણ્ય પર્ણોમાંથી કોઈ બે પાંદડા એકસરખા



હોતા નથી તેમ અબજો ને અબજો માનવોમાંથી કોઈ બે વ્યક્તિના અંગુઠાની છાપ પણ બરાબર એક સરખી હોતી નથી. રૂપોની અનંત દુનિયામાં કોઈ બે સજીવ સચેતન રૂપો એક સરખાં નથી હોતાં. જડ વસ્તુઓની હજારો અને લાખો એક સરખી પ્રતો કે નકલો ઊતારી શકાય, પરંતુ ચેતનાનું essential સારતત્વ એક જ હોવા છતાં તેનું દરેક રૂપ પોતાની કોઈક ને કોઈ Uniqueness થી પોતાની નિજી ચેતનાની વ્યક્તિમત્તાથી પોતિકું જીવન જીવે છે.

એટલે મૃત્યુની પ્રક્રિયા જેટલી જટિલ અને રહસ્યમય છે તેટલી જન્મની પ્રક્રિયા પણ સંકુલ અને આશ્ચર્યમય છે. ભગવાન શ્રીકૃષ્ણ આ વાતનો અછડતો ઉલ્લેખ કરતાં ગીતાજીમાં કહે છે કે ''બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ સનાતનમ્'' સર્વભૂત માત્રના જન્મ પાછળ તેના શાશ્વત સનાતન 'બીજ' તરીકે મને પ્રમાણ. અને ''મૃત્યુ : સર્વહરશ્ચ અહમ્'' અને સર્વનું એકે ઝાટકે હરણ કરનાર મૃત્યુ પણ હું છું એમ સમજ. આમ આ બન્ને નોખી નોખી દેખાતી પ્રક્રિયાની વાસ્તવિક અવસ્થાઓની વિભૂતીમાં, અંશાત્મક સત્યોની પાછળ પોતાની જ હાજરી છે એમ પ્રભુ પ્રબોધે છે. પૂર્ણ સત્ય તો પ્રભુની સર્વાંગીણ, સમગ્ર ચેતનામાં રહેવું છે. ''અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયઃ તથા'' એમ કહીને બ્રહ્માંડના પ્રભવક બીજ તરીકે પોતે જ છે એમ સ્પષ્ટ કર્યું છે.

જન્મ-મરણના જોડકાનું સંવિધાન મૂળે તો પ્રભુના સૃષ્ટિ સર્જનના પરમ સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશમાંથી નિપજ્યું છે. પ્રભુની ચેતના એને સાધન તરીકે પ્રયોજીને, ઉત્તરોત્તર ચઢતા ક્રમે, જાગતિક ચેતનાને પોતાના સંકલ્પની સિદ્ધિ તરફ આગળ દોરી રહ્યાં છે.

ઉપર જોયું તેમ આપણામાં તે પરમ પ્રભુની ગુપ્ત પણ સનાતન ચેતનાનો નિવાસ છે. તે આપણું પરમ વાસ્તવિક સત્ય છે. આ ચેતના જન્મ અને મરણ વચ્ચેના સમયાંતરમાં 'જીવન' રૂપે પ્રત્યક્ષ બને છે. ક્ષણે ક્ષણે જે જીવાય છે તે જીવન છે. સ્થળ કાળમાં ભૌતિકતાના મર્ત્યરૂપમાં તે આપણી ચેતનાની અભિવ્યક્તિ છે. આપણું જીવન એ કોઈ પારકી દૌલત કે પારકી જાગીર નથી.

એજ તો સંપત્તિ અને સમૃદ્ધિ છે. જીવનનો સચેતસ પ્રવાહ માત્ર જન્મ-મરણના એક ચોકઠા પૂરતો મર્યાદિત નથી, તે પ્રભુના અંશ રૂપ જીવાત્મનની ચેતના હોઈ જીવની જેમ જ અજર, અમર, અવિનાશી છે. આપણું જીવન એ જીવની હાજરીનું પ્રમાણ છે. અને તેની સચેતનતા તેની પરખ છે.

જીવનમાં અને જગતમાં આ ચેતના જ સર્વસ્વ છે. Consciousness is everything and All in all. આગળ જે ભૌતિકવાદીના પ્રમેયની વાત કરી તેમાં ચેતનાનો તેઓ સંપૂર્ણ બહિષ્કાર કરે છે અને દેખાતી ગતિશીલતાથી, જગત ગતિશીલ છે એ પદથી શરૂઆત કરે છે. જ્યારે અધ્યાત્મ વિદ્યાને મતે જગત અને તેમાં પ્રગટ થતું જીવન બન્ને મૂળભૂત રીતે ચેતનશીલ છે જગદારંભે તે ગુપ્તપણે સચેતસ્ હોવાથી તેને અચેતસ્તાનું લેબલ લગાડી દીધું છે. ગતિશીલતા, એ ગુપ્ત સચેતસ્તાનું પરિણામ effect છે. Cause નથી. કારણ નથી.

આમ પહેલે પગલેથી જગત અને જીવનની ઉત્પત્તિની મડાગાંઠ આરંભાય છે. ભૌતિકવાદ અને અધ્યાત્મવિદ્યા બન્નેના પાયાના સિદ્ધાંતો એક બીજા સાથે ટકરાતાં રહ્યા છે. ભૌતિકવાદ દેખીતી અને કેવળ ઈન્દ્રિય પરસ્ત બાહ્યમાં ઉપસતી ભૌતિકતાને (matter) પાયાની વાસ્તવિકતા ગણે છે. એને માટે Atom અણુ એ આરંભ છે. જ્યારે અધ્યાત્મવિદ્યા અગર તો બ્રહ્મવિદ્યા દેખાવની પાછળ પ્રચ્છન્ન અને પ્રસુપ્તપણે રહેલી પણ મૂલત : સદા સર્વત્ર હાજર એવી બાહ્યાંતર વ્યાપ્ત ‘ચેતનાને’ (Spirit) પાયાના ‘સનાતન સત્’ તરીકે સ્વીકારી આગળ ચાલે છે. એને માટે Atman (આત્મા) એ પ્રારંભ છે.

‘જગત ગતિશીલ છે. ગતિશીલ છે માટે પરિવર્તનશીલ છે અને પરિવર્તનશીલ છે માટે મૃત્યુશીલ છે.’ એ કેવળ ભૌતિક સત્નું ઉપરચોટિયું અને અપૂર્ણ દર્શન છે. ભૌતિક સત્ની પણ એમાં કોઈ dignity ગરિમા સચવાતી નથી. બધું જ પ્રાણહીન અર્થહીન બની જાય છે. જગત ગતિશીલ છે, માટે જ પરિવર્તન શીલ છે. એ તો પરિવર્તનશીલતાની પાંખો પર કાપ મૂકવા જેવું છે. પ્રભુના વિશ્વ સર્જનના સંકલ્પ પાછળ પ્રભુની ‘સંકલ્પ-શક્તિ - Cosmic will સતત સક્રિય છે



અને તે તમામ સ્તર પર તમામ પરિવર્તનો ઉપર ગૂઢ રીતે કાબુ ધરાવે છે. અને તેથી જ પરિવર્તનશીલતાએ, મૃત્યુશીલતામાં જ પરિણમવું જોઈએ એવો કોઈ પાશવી કાયદો તેને બાંધી શકતો નથી કે તેને બંધન કર્તા નથી. હા; જડ, ભૂભૌતિક, યાંત્રિક પરિવર્તનશીલતા મૃત્યુમાં પરિણમે છે એ એક સર્વ સંમત હકીકત છે. જન્મ જન્માંતરથી અને યુગ-યુગાંતરથી એ પ્રક્રિયા વણથંભી ચાલતી રહેલી છે. કારણ કે ત્યાં જગતની રચના પાછળ રહેલો ‘ક્ષરતા’ નો સિદ્ધાંત કાર્યકારી છે. પરંતુ ક્ષરતાની સાથે સાથે અને તેની પાછળ ‘અક્ષરતા’ Immutability નું સત્ છે અને એ જ જીવાડે છે.જગતમાં અને જીવનમાં ઘાટો - આકારો - પીંડો રૂપો, જે પ્રભુની અક્ષર અને અમર્ત્ય ચેતના સાથે સીધા સચેતસ પણે જોડાયા કે જોડાઈ શક્યા નથી તેને માટે તો એ જ સૂત્ર સક્રિય રહે છે કે ‘પરિવર્તિની સંસારે મૃત : કોવા ન જાય’ તે ?’’ આ પરિવર્તનશીલ સંસારમાં મર્યા વગર કોણ રહ્યું છે ! પણ જગતની ગતિશીલતા અટકી ગઈ નથી અને પરિવર્તનશીલતા પટકાઈ ગઈ નથી. સમયની રફતારમાં બધું જ તેના યોગ્ય સમયે આર્વિભાવ પામતું રહ્યું છે અને પામતું રહેશે.

મૃત્યુના અજેય શાસનને શાશ્વત કાળ માટે ટકાવી રાખવા માટે અવિનાશી જીવનો સ્વયંભૂ પ્રાદુર્ભાવ થયો નથી. ભૌતિકતા ભાંગી તૂટીને અને મીટ્ટીમાં મળીને પણ પુનઃ ગંઠાઈને પાછું ને પાછું પુનરાવર્તન પામતી ટકી રહી છે તેમ અમર આત્મા પણ પોતાના ભૌતિક અમર્ત્ય નિવાસની સંરચના માટે સક્રીય છે.

માનવની ઉત્કટ ઝંખના અને આરઝૂ તો મૃત્યુની ધૂંસરીને ફગાવી દેવાની જ છે. એને મૃત્યુ જરીયે પસંદ નથી. એણે મરવું નથી. અને નહીં મરવા માટે હજારો ઉપાયો શોધી રહ્યો છે. લાખોને લાખો દવાખાનાઓ અને હોસ્પીટલોનો તે આશ્રય લઈ રહ્યો છે. એને કોઈ દુઃખ જોઈતું નથી. કોઈ પીડામાં એણે રીબાવું નથી. અરે ઘડપણને પણ જો ટાળી શકાતું હોય તો ટાળી દેવું છે. તો મૃત્યુની ગુલામી શા માટે ? જેમ એનો આત્મા મુક્ત અને અવિનાશી છે તેમ એણે એની પ્રકૃતિને પણ બધાં જ બંધનો અને દાસત્વમાંથી મુક્ત કરાવવી છે. તેથી જ તો વેદકાળના ઋષિએ પ્રાર્થના કરી છે : અસતો મા સદ્ગમય । તમસો મા

જ્યોતિર્ગમય । મૃત્યોર્મા અમૃતં ગમય ॥ અમને અમારી સાચી સ્વરૂપતા જોઈએ છે. અજ્ઞાનના અંધકારમાંથી સદા ઉજ્જવલ પ્રકાશમાં જીવવું છે. અને આવી મર્ત્ય દશામાંથી ઉપર ઊઠીને અમારે અ - મર્ત્યતાનું અમૃતનું પાન કરવું છે.પરંતુ જ્યાં સુધી માનવ સાચી દિશામાં સાચા પરિવર્તનને માટે તૈયાર થશે નહીં, ત્યાં સુધી કશો સાચો ફેર પડવાનો નથી. જન્મ અને મરણની ઘંટી એક જડ, યાંત્રિક, પ્રાકૃતિક અવસ્થા છે જ્યાં સુધી માનવ એ ઘંટીના પડને ઊંચકીને ફેંકી દેવા સચેતસપણે એક સંકલ્પ પૂર્વક તૈયાર થશે નહીં ત્યાં સુધી તેની આવશ્યકતા રહેશે અને તેણે તેને તાબે રહેવું પડશે.

પ્રભુ તેને બધી મદદ કરવા તૈયાર હોય તો યે તે તેની સહાય લઈ શકશે નહીં. આ જગત Participatory છે. પ્રભુ સાથેના માનવના યોગનું છે. સહયોગનું છે. કારણ કે માનવની સચેતન ચેતનામાં પ્રભુએ પોતાના સંકલ્પનું રોપણ કરેલું છે. માનવે સભાન પણે પ્રભુની ચેતનાનો સંસ્પર્શ મેળવવો જોઈશે. અને તેમ થશે તો કશું અશક્ય નથી.

"All can be done if the God - touch is there."

**- Savitri**

શ્રી અરવિંદે મૃત્યુનો મહિમા સાચવીને મૃત્યુને ઓળંગી જવાનો અને જગતને અને જીવનને ચેતનાના એક અપૂર્વ દિવ્યસ્તર પર પહોંચાડવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે. A radical and total transformation is knocking at our doors. એક મહાન મૂળગામી પરિવર્તન જ કેવળ નહીં, પણ દિવ્ય રૂપાંતર સાધી આપનારી પરમ ચેતના આપણા કમાડ પર ટકોરા મારી પૂછી રહી છે : "Are you ready ?" તમે તૈયાર છો ? "Will you help" જરા તમે મદદગાર બનશો ?



# સાવિત્રી-સાર

## પ્રકરણ-૬૮ : **દિવ્ય-પ્રકૃતિનો વિશ્વકર્મા**

(Savitri - B-1, C-3, P 25-26)

- માન

અશ્વપતીની ચેતના વિશ્વ-ચેતના સાથે જોડાઈ જતા હવે વિશ્વચેતનાની બધી ક્ષમતાઓ અને સંકલ્પો બાબત અશ્વપતી જાણવા માંડે છે. તેની સાધના બાબતની પ્રગતિ હવે ગરૂડ-ગતિ ધારણ કરે છે. અશ્વપતી ઉર્ધ્વ-ચેતનાના સ્તરોમાં જાણે વિહાર કરી રહ્યાં છે. કારણ હવે દેહભાવની સંકુચિત ચેતનાનો તેમણે ત્યાગ કરેલો છે. આ દેહભાવ જેને શાસ્ત્રોમાં 'દેહાધ્યાસ' કહે છે. તે જ અજ્ઞાન છે. જાણે અશ્વપતીએ અજ્ઞાનની ઉમેદવારીની નોકરીનો ત્યાગ ન કર્યો હોય ! શ્રી અરવિંદ લખે છે કે His march now soared into an eagle's flight, Out of apprenticeship to Ignorance

આ પ્રગતિને કારણે અશ્વપતી ઘણી ગૂઢ-વાસ્તવિકતાઓ બાબત સભાન બનવા માંડે છે. જ્ઞાનની ઘણી જ ઉચ્ચકક્ષાઓની વિગતો અશ્વપતી જાણતો થાય છે. આપણા સ્વરૂપમાં જ્ઞાનની ઉચ્ચકક્ષાઓ બે રીતે સધાય છે. આપણા સ્વરૂપનો સહુથી ઉચ્ચ કળશ એટલે આપણું કારણ શરીર છે. તે વ્યક્તિગત સ્વરૂપનો અંતિમ છેડો છે. ત્યાં દિવ્ય-પ્રકૃતિમાં રહેલ બારે આદિત્યના વિવિધ રંગી પ્રકાશો ત્યાં પ્રકટ રૂપે પ્રકાશિત થતા હોય છે.

ગૂઢશાસ્ત્રમાં આને અતિગૂઢજ્ઞાન કહેવામાં આવે છે. માતાજી અને મેડમ થિઓનો એક પ્રસંગ આ સંદર્ભમાં મહત્વનો છે. જ્યારે મેડમ આલ્મા થીઓએ માતાજીને પહેલી વખત જોયા ત્યારે તેમણે જણાવેલું કે તેમને માતાજીના મસ્તક ફરતે બાર વિવિધ મણીઓની રંગછટા જણાએલી અને આ પ્રકારની પ્રકટ

રંગછટા ફક્ત અવતારી આત્માઓ જ ધારણ કરી રાખે છે, એમ તેમની ગૂઢપરંપરા જણાવે છે. તેથી મેડમ થીઓ માતાજીને ખૂબજ આદર આપતાં અને એમના પ્રત્યે સ્નેહ દર્શાવતા.

માતાજીના પ્રતીકમાં દેખાતી બાર વિવિધ પાંખડીઓ સ્વરૂપ પ્રકાશ અંશો આ વેદમાં જણાવેલા બાર આદિત્ય અથવા 'દ્વાદશ-આદિત્યાઃ' ના જ પ્રતિકો છે. આ જે કારણ શરીરની ગૂઢ અને પ્રકાશમય રચના છે. તેને જ શ્રી અરવિંદ "master craft' કહે છે. આ આપણા વ્યક્તિ સ્વરૂપનું સર્વશ્રેષ્ઠ શિખર છે. આ સ્થિતિ વૈશ્વિક અને વિશ્વાતીત સ્વરૂપની પણ છે. અને તેથી તેનું શ્રેષ્ઠતમ સ્વરૂપ છે 'ઈશ્વર', જે વિશ્વાતીત કક્ષાના ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ પૈકીનું એક છે. વૈશ્વિક કક્ષાએ તેમને મહેશ, વિષ્ણુ અને બ્રહ્મા કહે છે. તેનો સાક્ષાત્કાર એ પણ આપણા સ્વરૂપનો ઉચ્ચ-સાક્ષાત્કાર હોય છે. આ રીતે વ્યક્તિગત કારણ શરીર અને વૈશ્વિક અને વિશ્વાતીત-કારણ શરીર સ્વરૂપ મહેશ અને ઈશ્વર આ બધાં આપણા સ્વરૂપનાં ઉચ્ચતમ શિખરો છે તે કક્ષાની આપણા સ્વરૂપની રચના અને તેને માનસિક, પ્રાણમય, શારિરીક કક્ષાએ પ્રકટ કરવા જે નિમ્ન કક્ષાની રચના થએલ છે તે, સમગ્ર રીતે પરમચેતનાએ પોતાને જ વિવિધરૂપે પ્રકટ કરવા માટે કરેલી રચનાનું master-craft છે. આ Master craft બાબતમાં અશ્વપતીને સભાન કરવામાં આવે છે. તેથી અશ્વપતી હવે ચેતનાનાં વિકાસમાં આ રચનાઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણી જાય છે. તે જાણે આત્માના વિકાસનો એન્જીનીયર બની જાય છે. વિશ્વકર્મા બની જાય છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે Wishdom upraised him to her master craft And made him an arch-masion of the soul, હવે તે આત્માનાં રહેઠાણ સ્વરૂપ જે કારણ શરીર છે તેની રચના કેમ કરવી તેનો આર્કિટેક્ટ બની ગયો છે. શ્રી અરવિંદ જણાવે છે કે તે "A builder of the Immortal's secret house" બન્યો છે આપણો ચૈત્યપુરૂષ સનાતન તત્વ છે અને કારણ શરીર તેનું રહેઠાણ છે. તેની રચના બાર જ્યોતિર્લિંગોના પ્રકાશમાંથી કરવામાં આવે છે. તે રચના કરવાની કલા તેમને અવગત થઈ ગઈ.



અને તેમણે તે જ્ઞાનનો ઉપયોગ પોતાના કારણ શરીરને વધારે સાકાર કરવામાં કર્યો. તેમની ચેતના હવે સતત કારણ શરીરમાંજ રહેવા લાગી. પોતે આંતરિક રીતે પોતાના શરીરને તેજોમય પ્રકાશથી છલોછલ અનુભવતા હતા. સાચા અર્થમાં તેઓ 'જ્યોતિર્ધર' બની ગયાં હતા. તેમની ચેતના સનાતનતાનો અનુભવ કરતી હતી. પરમ-ચેતના પ્રત્યક્ષ મારા શરીર દ્વારા પ્રકટ થઈ રહી છે, એવી જ તેમની સતત અનુભૂતિ હતી. અને તેવી સ્થિતિ અવિચળ બની રહે એવી જ તેમની અદમ્ય ઈચ્છા હતી. અભીપ્સા હતી. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે A builder of the Immortals secret house An aspirant to supernal Timelessness. શ્રી અરવિંદ "T" કેપિટલ કરીને આ કાલાતીત સ્થિતિ પરમ-ચેતનાની છે એમ દર્શાવે છે. એવી જ સ્થિતિ અચેતનની પણ હોય છે. ત્યાં કાળનું ભાન જ હોતું નથી. તેથી આ સ્થિતિ ભિન્ન છે. એવું તેઓ દર્શાવવા માગે છે.

જેમ જેમ અશ્વપતીની ચેતના ઉર્ધ્વચેતનામાં આરોહણ કરતી ગઈ તેમ તેમ તેમને સ્વતંત્રતાનો અનુભવ આવવા લાગ્યો. તેમની સ્વતંત્ર સંકલ્પશક્તિ સત્ય સંકલ્પો કરવા લાગી. કારણ તે હવે તેમની વ્યક્તિગત સંકલ્પશક્તિ રહી જ નહોતી. તે તો પરમ-ચેતનાની સંકલ્પશક્તિ બની ગઈ હતી. આ જે સાચી સ્વતંત્રતા છે. સાચું સાર્વભોમત્વ છે; સમ્રાટની સત્તા છે તેનું જ વિકૃત પ્રતિબિંબ મન અને પ્રાણમાં પડતું હોય છે. પણ તેઓ તેને સંપૂર્ણ રીતે ધારણ કરી શકતા નથી. તેનો પ્રખર પ્રકાશ ઝાંખો થઈ જાય છે અથવા તે અસીમ પ્રકાશ ને ખંડીત કરવામાં આવેલો હોય છે. મન તે પ્રકાશને ઝાંખો સંધીપ્રકાશ જેવો તારાંકિત આકાશની જેમ જોય છે, તેથી શ્રી અરવિંદ જણાવે છે કે આ તેજોમય સ્વતંત્રતા અને સત્તાની કક્ષા મનના સંધીપ્રકાશના અને પ્રાણનાં તારાજડીત આકાશથી ઘણી ઉપર છે.

તો શું મન અને પ્રાણ ઉપર તેનો કોઈ પરિણામ જ થયો નહોતો ? ના, એવું નથી. તેમણે પણ આ દિવ્યપ્રભાતનો અરૂણ પ્રકાશ ઝીલવા માંડેલો. શ્રી અરવિંદ જણાવે છે કે Freedom and empire called to him from on high Above

minds twilight and life's star-led night There gleamed the dawn of spiritual day.

આવી રીતે અશ્વપતી પોતાની ચેતનામાં સતત વિકાસ કરી રહ્યા હતા અને તેથી તેમની ચેતના ધીમે ધીમે વ્યક્તિ ચેતનાથી ઉપર ઉઠીને વૈશ્વિક-ચેતના અને તેથી પણ ઉપર રહેલ વિશ્વાતીત ચેતનામાં સ્થિર થવા લાગેલી. શ્રી અરવિંદ આવી વિશ્વ-ચેતનાને અને વિશ્વાતીત ચેતનાને "his larger self" તરીકે વર્ણવે છે. કારણ વ્યક્તિ ચેતના એ વિશ્વ-ચેતનાનો અંશ હોય છે. અને વિશ્વ-ચેતના વિશ્વાતીત-ચેતનાનો અંશ હોય છે. તેથી વ્યક્તિને પોતાની ચેતના સતત વિશાળથી વિશાળતર બની રહી છે એવું લાગે છે. આવી રીતે વ્યક્તિગત ચેતનાની કક્ષાએ તેમની ચેતના નહિવત્ રહેવાથી તે ચેતના દ્વારા નિર્માણ થતાં ક્રિયાકલાપો ધીમે ધીમે બંધ પડવા લાગેલાં. વ્યક્તિગત ઈચ્છા કે કામનાની તેમના મનમાં લહેરો નિર્માણ થતી જ નહોતી. તેને સ્થાને વૈશ્વિક અને વિશ્વાતીત ચેતાનાના સંકલ્પો જ તેમના મનમાં સ્ફૂરતાં હતાં. કારણ વૈશ્વિક-ચેતના અને વિશ્વાતીત ચેતનામાં રહેવાથી તેમની આ દુનિયા તરફ જોવાની દૃષ્ટિ જ બદલાઈ ગઈ હતી. આ ભૌતિક દુનિયાની પાછળ રહેલી શૂક્ષ્મ સૃષ્ટિઓનાં તાણાવાણા તેઓ સમજતા હતાં અને અનુભવતા હતા. તેમની દૃષ્ટિ શૂક્ષ્મ અને સ્થૂલ બન્ને સૃષ્ટિઓને આવરી લેતી હતી. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે As so he grew into his larger self, Humanity framed his movements less and less, A greater being saw a greater world.

આ રીતે સાચી વાસ્તવિકતાનું ભાન થવાથી અશ્વપતીની પ્રકૃતિમાં અને સ્વભાવમાં જે તફાવત જણાવા માંડયો તે વિશે શ્રી અરવિંદ જણાવે છે. શ્રી અરવિંદ લખે છે કે દિવ્ય-જ્ઞાન મેળવવાની તીવ્ર ઉત્કંઠાને કારણે સર્વ સામાન્ય માનવની બુદ્ધિ કોઈ અજ્ઞાત ક્ષેત્રમાં ઝંપલાવતા પહેલા પોતાની સુરક્ષિતતાને વિચારે છે અને તેવા અગોચરક્ષેત્રે ખોટુ જોખમ ન ખેડવાની વ્યવહારૂ સૂચના આપે છે. પણ અશ્વપતીની દિવ્યજ્ઞાનની તૃષ્ણાએ આ બધી જ સૂચનાઓને નેવે મુકી અને નિર્ભય થઈને તે ક્ષેત્રમાં ઉંડે ને ઉંડે ઉતરવા લાગી. અશ્વપતી સત્ય અને સંપૂર્ણજ્ઞાન મેળવવા



મરણીયા થયા હતાં અને બીજી બાજુ મારું જે કાંઈ કરવાનું હશે તે મા જગદંબા કરશે. જો તેના ભરોસે જ જીવવાનું છે તો પછી ડર શેનો ? અને ડર રાખવો એ તો મા જગદંબાની સુરક્ષામાં અવિશ્વાસ રાખવા જેવું છે. તેથી મા તારી ઈચ્છા એવા સમર્પિત ભાવે અશ્વપતી તો પોતાના દિવ્યજ્ઞાનાર્જનમાં મગ્ન થઈ ગયા હતા. તેથી શ્રી અરવિંદ લખે છે કે A fearless will for knowledge dared to earse The lines of safety reason draws that bar

હવે અશ્વપતીનું મન ઉર્ધ્વમન, પ્રકાશમય મન, આંતરપ્રેરણાત્મક મનને વટાવીને અધિમનસની કક્ષામાં પ્રવેશી ગયું હતું. આ સમગ્ર પ્રક્રિયાને શ્રી અરવિંદ બે જ શબ્દોમાં વર્ણવે છે. "Mind's soar'. ચૈત્યપુરૂષ જે ધીમે ધીમે વિશ્વાતીત ચેતનામાંજ સ્થિર થવા લાગેલો, તેને શ્રી અરવિંદ Soul's dive into the infinite તરીકે વર્ણવે છે. અર્થાત ચૈત્યપુરૂષની વિશ્વાતીત પુરૂષમાં ડુબકી તરીકે વર્ણવે છે. અશ્વપતીએ જીવનમાં આ અનુભવોના આધારે કરેલો નાનકડો બદલ પણ તેને પોતે ભૌતિક શરીર પૂરતો મર્યાદિત છે તે ભ્રમ (જેને શાસ્ત્રો દેહાવ્યાસ કહે છે) પણ ભાંગી નાખે છે. શ્રી અરવિંદ તેને earth-bounds કહે છે. આ ભ્રમ ભાંગવો એને જ વિદેહી અવસ્થા કહે છે. અશ્વપતીને વિદેહી અવસ્થા પ્રાપ્ત થઈ ચુકી છે. અને અશ્વપતી પોતાની ઈચ્છા મુજબ વિશાલ ચેતનાનાં ક્ષેત્રમાં સ્વૈર વિહાર કરવા લાગેલા. તેમને તે સહજ સાધ્ય બની ગયું હતું. તે સહજતા દર્શાવવા શ્રી અરવિંદ "loitered" શબ્દ વાપરે છે. તેનો અર્થ છે લટાર મારવી, સ્વૈર વિહાર અને આવી વિશાલ ચેતનામાં અશ્વપતીને મુક્તિનો અનુભવ થતો. વધારે સ્વતંત્રતાનો અનુભવ થતો હતો. તેની મુક્તતાને તેઓ "freer air" તરીકે વર્ણવે છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે Minds soar soul's dive into the infinite Even his first steps broke our small earth-bounds And loitered in a vaster freer air.

અશ્વપતી પોતાની દિવ્ય-પ્રકૃતિને દિવ્યઘાટ આપવાના વિશ્વકર્માના કાર્યમાં મગ્ન હતા.

# વેદ-વિજ્ઞાન

પ્રકરણ - ૩

## વેદ સાહિત્યનું સર્જન-વિસર્જન

- માન

### વેદોના શિક્ષણપ્રકાર

મુખ્ય ત્રણ પ્રકાર છે જે હેતૂઓ ઉપરથી પડયાં છે. તેના ઉપરથી ત્રણ સાહિત્ય પ્રકાર રચાયા છે.

(૧) વેદોનાં વિધિવિધાન સમજાવવા બ્રાહ્મણ ગ્રંથો રચાયા; જે યજ્ઞકર્તા બ્રાહ્મણોને ઉપયોગી હતાં.

(૨) વેદોનો ગૂઢ યોગિક અર્થ સમજાવતા આરણ્યકો રચાયા; જે અરણ્યમાં તપસાધના કરતાં તપસ્વિઓ અને અરણ્યવાસિઓને ઉપયોગી હતાં.

(૩) વેદોના શબ્દોનું બૌદ્ધિકજ્ઞાન દર્શાવતાં સૂત્રો; જે પાઠશાળાના ગુરૂઓને શિષ્યોને ભણવામાં ઉપયોગી હતાં. સૂત્રોનાં પણ ત્રણ પ્રકાર છે. શ્રોતસૂત્રો શ્રુતિનું અર્થાત વેદોનું જ્ઞાન આપતા સૂત્રો છે. ગૃહ્યસૂત્રમાં ગૃહસ્થાશ્રમને લગતું જ્ઞાન અપાય છે. ધર્મસૂત્રમાં રાજધર્મ સમાજધર્મને લગતું સામાજીક,જ્ઞાન અપાય છે.

### ઉપનિષદો

વેદોનાં યોગિક અર્થો અનુસાર પ્રત્યક્ષ શિક્ષણ આપવા ઉપનિષદો રચાયા. જેમાં શિષ્ય ગુરૂની પાસે શ્રદ્ધાથી બેસી સાધનાકીય માર્ગદર્શન મેળવે છે. કુલ ઉપનિષદો ૧૧૮ હતાં. તે પૈકી ઈશ, કેન, કંઠ, મુંડક, માંડૂકય, તૈતરીય, ઐતરીય, છાંદોગ્ય અને બૃહદારણ્યક આ દસ મહત્વનાં ગણાય છે.

### વેદ-સાચવણીની પદ્ધતિ

વેદ મૌખિક પરંપરાથી સચવાયા હતાં. તે માટે દરેક કુટુંબને એક એક વેદનો



પાઠ કરીને પોતાના વંશ-વારસોને શિખવવાની પદ્ધતિ અપનાવેલી, અને તે તે કુટુંબનો વેદ કહેવાતો. તે વેદ તેમના પૂર્વજો જે ઋષિના આશ્રમમાં ભણ્યાં, તે તેમનું 'ગોત્ર' કહેવાતું. જે પૂર્વજે મહાપરાક્રમ કરીને કીર્તિ મેળવી હોય તેને તેમના કુળનો 'પ્રવર' અર્થાત શ્રેષ્ઠપુરૂષ કહેવાતો. આમ દરેક કુળનો વેદ, ગોત્ર અને પ્રવર રહેતાં.

વેદ-અંગોની સાચવણીની ઉપરોક્ત પરંપરામાં અનેક કારણોસર જે ભંગાણ પડયું, તેથી વેદ-પરંપરા નષ્ટ થવા લાગી. ત્યાં સુધીમાં તમાલપત્ર ઉપર લેખન કરવાની પદ્ધતિ શોધાઈ ગઈ હતી. વેદ વ્યાસે બચેલા વેદોનાં અંશોને ભેગા કર્યાં. તેને જ 'સંહિતા' કહેવાય છે. સંહિતાનો અર્થ છે ભેગા કરીને યોગ્ય રીતે ગોઠવવા. આ બચેલા અંશોમાં મૂળ શાસ્ત્ર કરતાં તે સમજાવવા કહેલાં આખ્યાયનો અને ગાથાઓ જ વધારે પ્રાપ્ત થઈ. તેના આધારે વ્યાસે અઢાર પુરાણો રચ્યાં. જેમને પુરાણ-સંહિતા કહે છે. પુરાણ એટલે પ્રાચીન-સાહિત્ય. વ્યાસનો અર્થ એડીટર અથવા સંપાદક. તેમનું સાચું નામ 'કૃષ્ણદ્વૈપાયન' હતું. તેઓ રંગે શ્યામ હતાં તેથી 'કૃષ્ણ' અને તે એક ત્યજાએલા બાળક તરીકે એક દ્વીપમાં જડેલા, તેથી 'દ્વૈપાયન'. તેમને બાદરાયણ પણ કહે છે, કારણ તે બદરીકેદાર પાસેના બોરડીના વનમાં જડેલાં. બદરી એટલે બોરડી.

વ્યાસના આ કામમાં તેમનો શિષ્ય રોમહર્ષણ અને રોમહર્ષણનાં ત્રણ શિષ્યો પણ હતાં. દરેકે એક એક સંહિતા રચેલી. તેના આધારે પરાશર ઋષિએ પોતાની પારાશર-સંહિતા રચી,જેને આજે આપણે વિષ્ણુ પુરાણ કહીએ છીએ.

બ્રહ્મ, પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત, નારદ, માર્કેન્ડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વારાહ, સ્કંદ, વામન, કુર્મ, મત્સ્ય વગેરે પ્રસિદ્ધ પુરાણો છે.

ઉપપુરાણોમાં સનતકુમાર, નારદીય, વરૂણ, અસનસ, આદિત્ય, નારસિંહ, પરાશર, કપિલ, સાંબ, કલ્કિ, દેવી, દુર્વાસા, મહેશ્વર, મન્વ, નંદિ, સૌર અને વશિષ્ઠ પ્રસિદ્ધ ઉપપુરાણો છે.

### વેદસાહત્યનો મૂળ વિસ્તાર

વેદ-સાહિત્યનો મૂળ વિસ્તાર નીચેના મંત્રમાં વર્ણવેલ છે.

એક વિંશતિધા બાહવૃચ્યન્। એક શતં અધ્વર્યૂ શાખાઃ। સહસ્ત્રવર્ત્યા સામવેદઃ। નવધા અથર્વણઃ॥

આ મન્ત્ર મુજબ ઋગ્વેદ જેને વેદોનાં 'બાહુ' કહેવાય છે. તેની એકવીસ શાખા છે. યજુર્વેદ જેને અધ્વર્યુ યજ્ઞ વખતે ગાય છે, તેની એકસો શાખા છે. સામવેદની એક હજાર અને અથર્વ વેદની નવ શાખા છે. આમ કુલ ૧૧૩૦ શાખા થઈ. તે પૈકી આજના તબક્કે ચારે વેદોની મળીને ૧૧, વેદ-સંહિતા અને બ્રાહ્મણોની મળીને ૧૬, આરણ્યકોની ૭ એમ કુલ ૩૪ શાખાઓનાં ગ્રંથો મળે છે. આમ ૯૦% વેદોનો ભાગ નાશ પામ્યો છે.

હુણો અને શકોનાં આક્રમણોથી આશ્રમ-પદ્ધતિનો નાશ, મુસલમાનોનાં આક્રમણોથી પાઠશાળાઓનો અને વેદપાઠ ભણાવતાં મંદીરોનો નાશ, તે બાદ જર્મન, અંગ્રેજોએ વેચાતા લઈ પોતાના દેશમાં વેદસાહિત્ય લઈ ગયા તે અને બાકીના પંડીતોનાં ઘરમાંજ તમાલપત્રોનાં ગ્રંથોનો ઉધઈ કે અન્ય પ્રકારોના કારણે થએલા નાશને કારણે આ વિનાશ સર્જાયો છે.

ભારત સરકાર બાકી બચેલા ભાગનું મહત્વ સમજી તેને આધુનિક પદ્ધતિથી બચાવી લે તે જરૂરી છે.

## વેદોનું અપૌરૂષેયત્વ

વેદોને 'અપૌરૂષેય' કહે છે. પણ 'પૌરૂષ'નો અર્થ સમજી લેવો જરૂરી છે. પૌરૂષનો અર્થ છે પોતાનો પ્રયત્ન. અને પૌરૂષેયનો અર્થ છે પોતાના પ્રયત્નથી મેળવેલ ઉપલબ્ધિ કે પરિણામ.

વેદોના મંત્રોનું જ્ઞાન ઋષિઓએ પ્રજ્ઞા-બુદ્ધિથી મેળવેલ છે. પ્રજ્ઞામાં સાધક ચૈત્યપુરૂષ-સાથે એકરૂપ થઈ જાય છે. ત્યારે મનોમય કક્ષાનો બૌદ્ધિક શ્રમ કે ચિંતન કે પ્રયત્નોની જરૂર જ રહેતી નથી. ચૈત્યપુરૂષના ચિત્તમાં - ચેતનામાં જ્ઞાન સહજ રીતે દર્શન કે આંતર-પ્રેરણારૂપી શ્રવણ દ્વારા પ્રગટ થાય છે. જેને શ્રી અરવિંદ 'દૃષ્ટિ' અને 'શ્રુતિ' કહેતાં. તેમાં તાદાત્મ્યભાવ દ્વારા જ જ્ઞાન મળે છે. તેથી ચૈત્યપુરૂષને આવી રીતે મળતું સ્વયંસ્ફૂર્ત જ્ઞાન 'પૌરૂષ' પ્રકારનું ન હોવાથી



વેદોને 'અપૌરૂષેય' કહેવાની પ્રથા પડી છે. આ ભાવ દર્શાવતો મંત્ર નીચે મુજબનો છે. દેવાનાં યત્ ઉચ્છ્વસીતમ્ યત્ તદ્ ઋગ્વેદઃ , યજુર્વેદઃ સામવેદઃ અથર્વવેદશ્ચ। અર્થાત જેમનું ચિત્ત દિવ્ય બની ગયું છે તેમણે પ્રશ્વાસની જેમ સહજ રીતે મેળવેલ દિવ્યજ્ઞાન જ ઋગ્વેદ યજુર્વેદ સામવેદ અને અથર્વવેદ છે. તેથી ઋષિઓને 'કર્તા કે રચયિતા નહિં પણ મન્ત્રનાં દૃષ્ટા અને શ્રોતા ગણ્યાં છે' ઋષયો મંત્ર દૃષ્ટારાઃ શ્રોતારાશ્ચ।

વેદો લોકગીતો જેમ અનામી કવિઓનાં છે તેથી અપૌરૂષેય છે એ ખોટો અર્થ છે. કારણ વેદોનાં મંત્રના ઋષિ સ્પષ્ટ રીતે જણાવેલાં હોય છે.

## વેદાધ્યનનાં પાંચ તબક્કા

સ્કંદપુરાણનાં બ્રહ્મખંડમાં વેદાભ્યાસના પાંચ તબક્કા વર્ણવેલ છે.

**શ્રુત્યભ્યાસઃ પંચધા સ્યાત્।**
**સ્વીકારઃ અર્થવિચારણમ્॥**
**અભ્યાસઃ ચ તપઃ અપિ।**
**શિષ્યેભ્યઃ પ્રતિપાદનમ્॥**

વેદાધ્યનનાં પાંચ તબક્કા નીચે મુજબ વર્ણવેલાં છે.

(૧) સ્વીકાર - પ્રથમ શ્રદ્ધાથી સ્વિકાર કરવો કારણ તે અતિન્દ્રિય જ્ઞાન હોવાથી આજના તબક્કે હું જાણતો નથી એવો સાધકનો વિવેક હોવો જરૂરી છે.

(૨) અર્થવિચારણા - ગુરૂએ દર્શાવેલા અર્થ મુજબનું શ્રદ્ધાથી ચિંતન કરવું.

(૩) અભ્યાસ - તે ચિંતનને જીવનમાં લાવવા તે અનુસાર ભાવ નિર્માણ કરવાનો અભ્યાસ કરવો.

(૪) તપ - તેવા ભાવ વિરોધી વિચારો અને ભાવનાઓનો પરિત્યાગ.

(૫) શિષ્ય-પ્રતિવાદન - પોતાની અનુભૂતિઓનો ફાયદો સમાજનાં જીજ્ઞાસુઓને આપવા માટે તેમને સમજાય એ ભાષા, શૈલી, પદ્ધતિ અપનાવી વિષયને સમજાવી સાધના માટે પ્રેરણા આપવી. પોતાની આ પ્રવૃત્તિને યજ્ઞ-ભાવનાથી પોષવી.

## જ્ઞાનયજ્ઞનાં તબક્કાઓ

વૈદિક ઋષિઓ અજ્ઞાનમય અને દિવ્ય જીવન વિરોધી જીવન વિનાશ પ્રત્યે લઈ જાય છે, ચેતનાના વિકાસને વિકૃત કરી નાખે છે એમ માનતા. તેને 'ધ્વા' અથવા ધ્વંશ, નાશ કહેતાં. જે દિવ્ય-જીવન પ્રત્યે લઈ જાય તેને 'અધ્વા' અર્થાત વિનાશ નહિ પણ ચેતનાનો વિકાસ કહેતા. અન્યોના જીવનને આવી રીતે બચાવી લેતા. બ્રાહ્મણને 'અધ્વર્યૂ' કહેતા. અધ્વર્યૂ થતા પહેલાની અવસ્થાને 'ઉદ્‌ગાતા' કહેતા. તેમાં તે વ્યક્તિ વેદ-વિજ્ઞાનનું મહત્વ સમજાવવાનો સક્રીય રીતે પ્રયત્નો કરીને તેમના જીવનને દિવ્યતા તરફ દોરી જતાં. છેલ્લી અવસ્થા છે બ્રહ્માની જેમાં તે મૌન બનીને દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવી શિષ્યોને મદદરૂપ થતાં. એ જાણે શ્રી અરવિંદની અવસ્થા હતી.

જીવન યજ્ઞમાં આવી રીતે ઉદ્‌ગાતા, અધ્વર્યૂ અને બ્રહ્મા ત્રણેની જરૂર છે. આમને મદદ કરનારાં ઋત્વિજો કહેવાતા, યજ્ઞવિધિમાં આવીરીતે ચાર બ્રાહ્મણો પ્રયોજે છે.

### વેદોનો જીવનમાં ઉપયોગ

વેદો સાધકના જીવનમાં દૈવિ-શક્તિઓ માર્ફત કેવી પ્રક્રિયા કરે છે તેનું વર્ણન વરૂણને કરેલી નીચેની પ્રાર્થના દર્શાવે છે.

વરૂણ એ અસીમ-વૈશ્વિક શક્તિઓનો સાગર છે. 'વારિ' એટલે જળ, પાણી. તે ઉપરથી આ શબ્દ આવ્યો છે. આ સાગરમાં બધા જ પ્રકારની વૈશ્વિક-શક્તિઓ છે. દિવ્ય અને અદિવ્ય, આત્માની, ચૈતસિક, માનસિક, પ્રાણમય શૂક્ષ્મપાર્થિવ અને ભૌતિક. અવચેતનની અને અચેતનની પણ. આમાંની અદિવ્ય-શક્તિઓનો પ્રભાવ નષ્ટ કરવાની પ્રાર્થના છે. મન ઉપરના પ્રભાવ અર્થાત પાશને રૂદ્રગ્રંથી કહે છે. પ્રાણ ઉપરનાં પાશને વિષ્ણુ-ગ્રંથી અને શરીર ઉપરનાં પાશને બ્રહ્મગ્રંથી. જનોઈ ઉપર આ ત્રણ ગાંઠો દર્શાવવામાં આ છે. દેહભાવથી જે મનોગ્રંથીઓ રચાય છે. તે જ આ ગ્રંથીઓ છે. સ્થૂળ, શૂક્ષ્મ કારણ શરીરની ગ્રંથીઓ એ જ ઉપરની ત્રણ રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્માની ગ્રંથી છે.

મન્ત્ર નીચે મુજબનો છે.



**ઉદુત્તમં વરૂણ પાશમ્ અસ્મત્ ।**
**અવઅધમં વિમધ્યમં શ્રયાય ।।**
**અનાગસઃ અદિતયે સ્યામ્ ।।** (ઋગ્-૧-૨૪-૨૫)

હે વરૂણ (વરૂણ) આપ અમારો (અસ્મમ્) ઉર્ધ્વમાં રહેલ પાશ (ઉત્તમમ્ પાશં = રૂદ્રગ્રથી) નો નાશ કરો (અવ) તેમજ મધ્યનો (વિમધ્યમ=વિષ્ણુગ્રંથી) નો પણ નાશ કરો. હે સૂર્યનારાયણ (આદિત્ય) તારા (તવ) પરમ-પ્રકાશમય ચેતનાની સાધના રૂપી દેવયાન પંથના વ્રતોમાં (વ્રતે) કોઈપણ દોષમાં પડયા વગર (અનાગસઃ) આગળ વધીએ અને અંતે અસીમ પ્રકાશમય ચેતના સ્વરૂપ અદિતિને પ્રાપ્ત કરીએ (અદિતયે-સ્યામ્).

વેદોમાં જેને વરૂણ-પાશ કહે છે તેને વેદાંતમાં હૃદયગ્રંથી કહે છે.

### આપણી-જવાબદારી

પ્રજ્ઞા-શક્તિની કેળવણી દ્વારા આ દિવ્ય-જ્ઞાનનો આધ્યાત્મિક વારસો ભારતે પોતાની આહૂતિ તરીકે વૈશ્વિક - વિકાસમાં આપવાનો સમય પાકી ગયો છે એમ શ્રી અરવિંદ જણાવે છે.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ આ વૈશ્વિક-વિકાસના યજ્ઞમાં 'બ્રહ્મા' તરીકેની ભૂમિકા બજાવી છે. શું તેમના દિવ્ય-બાળકો ઋત્વિજ, ઉદ્‌ગાતા કે અધ્વર્યૂ બનવાનો પ્રયત્ન ન કરી શકે?

જવાબ આપણી નિષ્ઠા ઉપર આધાર રાખે છે. ઋત્વિજ બનવા માંગતા હો તો આપણા સહજ-સત્સંગને વાંચો વંચાવો, સમજો, સમજાવો અને ઉદ્‌ગાતા અને અધ્વર્યૂ બનવાનો પ્રયત્ન કરો એ આપણી જવાબદારી છે. **(ક્રમશ)**

**જાહેર આભાર**

શ્રી ભૂપેન્દ્રભાઈ ત્રિવેદીના અકાળે અવસાન નિમિત્તે દેશવિદેશથી આવેલાં સાધકપરિવારનાં શોકસંદેશ, શાંત્વન-પત્રો, શ્રદ્ધાંજલિઓ ટેલીફોનીક આશ્વાસનો માટે સમગ્ર સાધક - પરિવારનો વ્યક્તિશઃ ભારતીબેન ત્રિવેદી તથા મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ જાહેર આભાર માને છે.

# બાળ-વિભાગ

(શ્રી માતાજી - સુંદર કથાઓ)

(પેજ ૧-૫ ઉપર આધારિત)

## 'સંયમ'

- માન

આપણે ગાય, ભેંસ, બિલાડી, કુતરાને પાળીએ છીએ. તે આપણા મિત્ર બની જાય છે. આપણા ઉપર પ્રેમ કરે છે. આપણને મદદરૂપ પણ થાય છે. ગાય-ભેંસ દુધ આપે, કુતરો ચોકી કરે, બીલાડી આપણી સાથે રમે.

પણ વાઘ - બાપરે બાપ...? તે તો ફાડી ખાય, જંગલી જે છે ! તેને પાળવો એટલે આપણને જ મુશ્કેલી.

આપણા મનમાં આવા ઘણાં પશુ રહે છે. કોઈ પાળતું, કોઈ જંગલી. જાણો છો આ પશુઓને ? તે છે આપણાં મનના કુવિકારો, કુભાવનાઓ દા.ત. ગુસ્સો, ઈર્ષા, વેરભાવ વગેરે.

પણ આમાં કોઈ વાઘ જેવા નથી. તોફાની જરૂર છે. શરૂઆતમાં તોફાન કરે પણ પછી ડાહ્યા ડમરા બની જાય. આપણે નથી કોઈ વખત મમ્મીને કનડતા. પછી પડે ધોકાને ધોલ. મમ્મી કહે સાવ ઘોડા જેવો છે - અણઘડ.

હાં, જંગલી ઘોડો અણઘડ હોય છે. તેને ટ્રેનિંગ આપવું જરૂરી છે. તેની ઉપર કાબુ મેળવવો પડે છે. પછી તો સમજુ બની જાય છે. કહે તેમ લગામના ઈશારાથી જ કરે. પ્રેમ પણ કરે. માલિક માટે કામ કરવા રાજી, માલિક લગામ



ચડાવવા જાય તો મોઢું સામે ધરે અને હણહણી આનંદ વ્યક્ત કરે.

આપણી ઈચ્છાઓ આ જંગલી ઘોડા જેવી જ હોય છે. શરૂઆતમાં ઘોડાની જેમ બે પગે ઉભા થઈ આપણને પછાડવા પ્રયત્ન કરે, પછાડે પણ. પણ આપણે કેડો મૂકવો નહિ. ફરી ઉભા થઈ, ફરી અસ્વાર થવું. આમ ધીમે ધીમે આપણા વિચારો, ભાવનાઓને આપણે સંસ્કાર આપવા, પ્રભુ તરફ વાળવા. આવી રીતે તેમને શિસ્તમાં રાખવું એ જ છે આત્મ-સંયમ.

અરે, આત્મ-સંયમથી મહાવીર સ્વામી 'જીનેન્દ્ર' બન્યાં 'જીનેન્દ્ર' એટલે ઈન્દ્રીયો, વાસનાને જીતનાર વિજયી યોદ્ધા.

આપણે નક્કી કરો, વાસનાની ગુલામી કરવી છે કે પ્રભુનાં બાળકો બનવું છે. આપણેતો જન્મથી જ પ્રભુનાં પારેવડાં છીએ. તો પછી કરો શરૂઆત.

મમ્મીને કહો, મમ્મી હું તને હેરાન નહિ કરું. પપ્પાને કહો હું દર વર્ષે સારા માર્કે પાસ થઈશ. મોટાભાઈને કહો હું તારી નોટબુક્સ નહિં લઉં. મોટાબેનને કહો હું તને ઘરકામમાં પણ મદદ કરીશ. હું પ્રભુનું બાળ બનીશ. તે માટે જ મેં આવા સારા કુટુંબમાં જન્મ લીધો છે, આવા સરસ મમ્મી-પપ્પા, ભાઈ-બહેન મેળવ્યા છે. અને આ સહજ-સત્સંગ પણ છે મારા માટે જ ને !

મમ્મી તું મને આવી વાર્તા વાંચી સંભળાવીશ ? દર મહિને... પ્રોમીસ !

મમ્મી બોલ્યા, ''આવતા મહિને શા માટે આજે જ તને મહમંદ પૈગંબરની એક વાત કહું.

''મહંમદ પરગંબર એક રાત્રે સ્વર્ગમાં ફરવા ગયાં - સપનામાં સ્તો. સ્વર્ગમાં એક ટેકરી ઉપર સુંદર મહેલ હતો. આજુબાજુ કુદરતી વાતાવરણ સ્વચ્છ. પક્ષીઓ ગીત ગાય. હરણાં કુદાકુદ કરે અને વાંદરાઓ તો ડાળીએ બેસીને હૂપ... હૂપ...

હજરત મહંમદ સાહેબને મહેલ ખૂબજ ગમ્યો. મોટા મોટા ખંડ, આરસપહાણનાં પગથીયાં. કાચનાં ઝુમ્મરો, રેશમી પડદા અને મહેલમાં મધુર સંગીતનાં સૂર. સુગંધી ફુલોનો પમરાટ.

ત્યાં એક દેવદૂત પ્રગટ થયો. મહંમદ સાહેબને નમીને બોલ્યો, ''હજૂર શું સેવા કરું?''

''હે જીબ્રાઈલ, મારે જાણવું છે આ મહેલમાં કોણ રહે છે?''

''હજૂર, ખૂદા તેને જ રહેવાની સગવડ કરી આપે છે, જેમણે ગુસ્સાને જીત્યો હોય, વેરઝેર ભૂલ્યો હોય. બધાની ઉપર પ્રેમ કરે.''

''હે દેવદૂત, આ મહેલનું નામ શું છે?

આનું નામ છે 'મન'

''મન?''

''હા, આપણું મન જો બધાને પ્રેમ કરે, તો તે આ મહેલ જેવું બની જાય છે અને તેમાં ગુસ્સો, વેરઝેર ભર્યાં હોય તો પેલી સામે દેખાતી ભયંકર ગુફા જેવું બની જાય છે. જેમાં ઝેરીલા નાગ જ વસે છે.''

''હે મહમંદ પયગંબર, અલ્લાએ કહ્યું છે કે તમને આ મહેલ બતાડવો, જેથી તમે લોકોને સમજાવો કે સારા થવું એટલે મહેલમાં વસવું, સ્વર્ગમાં રહેવું, અને ખરાબ થવું એટલે નરકમાં જવું. ગુસ્સાને જીતવો એ સારા થવાનું પહેલું પગલું છે.

તો બેટા આપણે નક્કી કરવાનું છે ક્યાં જવું અને રહેવું.''

''મમ્મી, હું મહેલમાં જ રહીશ, તમારા બધાની સાથે''.

''સરસ બેટા,'' તે ખૂબજ સારો નિર્ણય લીધો છે. તો બેટા, હુસેને ક્રોધ કેવી રીતે જીતેલો તેની વાત કરું છું.''

હુસેન મહમંદ પૈગંબરનો સગો હતો. ખૂબ જ ધનવાન. નોકર-ચાકર, ગુલામો પણ ખૂબજ, વૈભવી જીવન જીવતો હતો. તે કહેતો, ''મારા ઉપર ખૂદાની મહેરબાની છે.''

આ વાત તેણે મહમંદ સાહેબને કહી. મહમંદ પૈગંબર બોલ્યા ''ભાઈ આજે તારા ઉપર ખૂદાની મહેરબાની જરૂર છે. આવતી કાલે ટકી રહે તે માટે તેં શું કર્યું છે?''



હુસેન વિચારમાં પડી ગયો.

મહમંદ પૈગંબર બોલ્યાં, '' જો તારો સ્વભાવ ક્રોધીલો છે. જો તું ક્રોધને જીતીશ તો ખુદાની મહેરબાની ચાલુ રહેશે.''

બીજે જ દિવસે એક પ્રસંગ બન્યો. હુસેન જમવા બેઠા હતા. જમવાનું પુરૂ થતા તેમણે ગુલામને ગરમપાણી હાથધોવા લાવવા કહ્યું.

ગુલામ ગરમપાણી લઈને આવી રહ્યો હતો, ત્યાં તેને ઠેસ વાગી. અને ગરમપાણી હુસેનનાં માથે પડયું. હુસેન દાઝી ગયો. તેને ખૂબ ગુસ્સો આવ્યો. ગુલામ ધાર્મિક સ્વભાવનો હતો. તેણે નીચે નમી, ઢીંચણિએ બેસીને માફી માંગી અને કુરાનની એક આયત મોટેથી બોલ્યો.

''જે ક્રોધને જીતે છે તેમને જ અલ્લાતાલા પસંદ કરે છે. તેને મૃત્યુબાદ સ્વર્ગ અપાવે છે'' હુસેન ક્રોધને દબાવતા બોલ્યો. '' પણ મને ગુસ્સો આવ્યો નથી.''

ગુલામે બીજી આયત સંભળાવી, ''જે બીજાને ક્ષમા આપે છે તેમને પણ અલ્લાતાલા સ્વર્ગમાં રાખે છે.'' હુસેને વધારે શાંત થતા કહ્યું. ''હું તને ક્ષમા કરું છું''

ગુલામે આગળની આયત બોલી, ''જે દયાળુ છે તે તો અલ્લાહને ખૂબજ પ્રિય છે.''

હુસેનનો ક્રોધ શમી ગયો હતો. હુસેન ઉભો થયો ઘરમાં ગયો. ચારસો અશરફીઓની કોથળી લઈ આવ્યો અને બોલ્યો,

''હે ગુલામ, આજથી તું મુક્ત છે. આ અશરફીઓ લે અને સુખેથી રહે... તેં આજે મને ક્રોધને જીતતા શિખવ્યો છે.''

''બેટા, ક્રોધ આવે ત્યારે શાંત બેસવું, સારું વાંચવું, સારું સાંભળવું, કોઈ પણ દોષને જીતવાનો આ જ માર્ગ છે.''

''મમ્મી, હું પણ પ્રભુને પ્યારું બાળક થઈશ.''

હાં, બેટા , તું તો મારો "good boy" છે. અને મમ્મીએ તેને હેતથી ચુમી લીધો.

# આગામી-ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના www-sriaurobindosociety.org.in વેબ સાઈટનાં ઈ-મેગેઝીન એપ્રીલ ૨૦૦૮માં ના Next Future નો ભાવાનુવાદ-સાભાર)

## યુવાનીનું રહસ્ય

- માન

કેન્દ્રીય સરકારમાં નવા યુવાન ચેહરા દેખાવા માંડયા. અને એવી ધારણાઓ બંધાણી કે સરકારના ધારા ધોરણો અને વિચારસરણીમાં હવે જરૂર તફાવત પડશે. પણ આ યુવાન રાજકારણીઓની મુલાકાતો લેતાં જુદું જ ચિત્ર ખડું થયું છે.

નવી જવાબદારીમાં ગુંચવાએલાં, જયેષ્ઠ રાજકારણીઓથી પ્રભાવિત આ યુવાન રાજકારણીઓ પણ પોકળ શબ્દો બોલતાં અને ઉત્સાહ વગરનાં નિષ્પ્રાણ લાગ્યાં છે. આવું હોવા છતાં છાપાવાળા તેમની જુની ઘરેડ મુજબ ઉત્સાહ દર્શાવી નવી આશા જન્મી એવી ઘોષણા કરતા થાકતા નથી. તેઓ પોતાના વિવેકના આધારે લખવા કરતાં તેમને જે લખી જણાવવામાં આવે છે તેની ઉપર જ મદાર રાખે છે.

યુવાન-વયમાં વિપુલ શક્તિ, ઉત્સાહ અને કામ કરવાની જીદ્દ હોય છે. પણ યુવાનીની એવી કોઈ લક્ષ્મણ-રેખા નથી કે જે ઓળંગતા જ ઉપરની વસ્તુઓ ઓસરી જાય !યુવાની એ માનસિક-સ્થિતિ છે. અને જેઓ તેવી સ્થિતિ જાળવી શકે છે તેઓ દેશને નેતૃત્વ પુરૂ પાડી શકે છે. આંકડાકીય



માયાજાળમાં ફસાઈને દેશનું ભવિષ્ય ઉજ્જવળ છે એ માનવું યોગ્ય નથી.

જેઓ પ્રગતિ સાથે કદમ મિલાવવાની ક્ષમતા રાખે છે, તેમના હાથમાં રાષ્ટ્રની ધુરા હશે તો, દેશનું ભાગ્ય પોતાની મેળે ખીલી ઉઠશે. જેઓમાં નવી સર્જનાત્મક કલ્પનાઓ હશે, તે જ પ્રગતિ કરી શકશે. તેઓનો ઉત્સાહ રાષ્ટ્રની જનતાને પણ ચેતનવંતી બનાવશે. તેઓ જ રાષ્ટ્રમાં એકતા લાવશે. આવી વ્યક્તિને ઉમરની કોઈ બાધા નથી. ભાવિ ઈતિહાસ આ જ લોકો સર્જશે. આજે આવા લોકોની તાતી જરૂર છે.

(માનસિક - આદર્શો આવો મર્યાદિત શક્તિ સ્ત્રોત પુરો પાડે છે પણ તે પણ વિપરીત પરિસ્થિતિમાં વિષાદમાં સરી પડે છે. પરમ-પ્રભુ જ અખૂટ શક્તિનો સ્ત્રોત છે. તેની સાથેનો યોગમય સંપર્ક વ્યક્તિને દિવ્યયોદ્ધા બનાવી મૂકે છે. આજે દરેક દેશને આવા યોગીઓની જરૂર છે, જેઓ પ્રભુ સાથે આંતરિક રીતે સંપર્કમાં રહી, અખૂટ શક્તિ મેળવી, પોતાના રાષ્ટ્રના સત્યને અનુસરી, તેનું ઘડતર કરી શકે અને અતિમાનવોના સર્જન પ્રક્રિયામાં સહભાગી થઈ શકે. - તંત્રી)

### નોંધ

સહજ-સત્સંગના વાંચક પરિવારને નમ્ર વિનંતિ

શ્રી ભૂપેન્દ્રભાઈના દેહ-ત્યાગ પછી કેન્દ્ર ઉપર મનીઓર્ડર સ્વીકારી શકાય તેવી વ્યવસ્થા ન હોય, સહજ-સત્સંગનું 'અર્પણ', **'મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ'** રાજકોટના નામના ચેક અથવા ડ્રાફટ અથવા પોસ્ટલ ઓર્ડરથી મોકલવું

**-તંત્રી શ્રી**

# શ્રી અરવિંદનું નૂતન યોગદર્શન

પ્રકરણ - ૨

## પૂર્ણયોગના લક્ષણો

- શ્રી જ્યોતિબેન થાનકી

પૂર્ણયોગ એટલે ભગવાનને આપણી અંદર સક્રિય કરવાની સાધના, આપણાં એક એક ગતિમાં એક એક વિચારમાં ભગવાનની શક્તિ પ્રગટ થતી રહે એ સ્થિતિ મેળવવાની પ્રક્રિયા એટલે પૂર્ણયોગ. અત્યારે ય આપણે સહુ ભગવાન જ છીએ, પણ આપણે અજ્ઞાનમય પ્રકૃતિથી ઢંકાયેલા છીએ. શ્રી માતાજી કહે છે કે ''માનવી શું છે ભલા ? ભગવાને પોતાના ઉપર ઓઢેલો અજ્ઞાનમય પ્રકૃતિનો બુરખો'' આ અજ્ઞાનમય પ્રકૃતિના બુરખાને દૂર કરવાની પ્રક્રિયા એટલે પૂર્ણયોગ, ભગવાનને તો આપણા દ્વારા ક્ષણે ક્ષણે વ્યકત થવું છે. સત્ય, પ્રેમ સૌંદર્ય અને આનંદ એ ભગવાનની શકિતઓ છે. આપણા દ્વારા ભગવાનની આ દિવ્ય પ્રકૃતિ વિષે જાગૃત થવું, આપણા અંતરના ઉંડાણમાં રહેલી એ પ્રભુની હાજરીને શોધી કાઢવી અને પછી આપણા રોજિંદા જીવનમાં પ્રગટ કરવી એ છે પૂર્ણયોગનો હેતુ. સમગ્ર પૃથ્વી ઉપર દિવ્ય જીવનની સ્થાપના થાય, એ માટે શ્રી અરવિંદ પૃથ્વી ઉપર આવ્યા હતા. શ્રી માતાજીએ જણાવ્યું હતું ''એ આવ્યા છે પૃથ્વીને આમંત્રણ આપવા માટે કે પૃથ્વી પોતાના તેજોમય ભાવિને તૈયાર કરે.'' પૃથ્વીનું તેજોમય ભાવિ એટલે પરમાત્માના પ્રેમ , પ્રકાશ, આનંદમાં એમની દિવ્યચેતનામાં જીવન ધારણ કરી રહેલી નૂતન માનવજાતિ. શ્રી અરવિંદે આ નવી માનવજાતિના આગમનની ભૂમિકા રચી આપી છે. એ માટે તેમણે જે સાધના પધ્ધતિ વિકસાવી એ છે પૂર્ણયોગ, જે



પ્રચલિત યોગમાર્ગ કરતાં જુદો જ છે.

તેનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે.

**પૂર્ણયોગના લક્ષણો :** (૧) **જીવનનો સ્વીકાર.** સંસારમાં રહીને કરવાની સાધના યોગ છે. સમગ્ર જીવનને પૂર્ણ બનાવવાની સાધના હોઈને આ યોગ જીવનને મિથ્યા, માયા, ભ્રમણા કે નાસી છૂટવા માટેનું ક્ષેત્ર ગણતો નથી. પણ જીવન તો છે, પરમાત્માનો ક્ષણે ક્ષણે આવિભાર્વ કરવાનું ક્ષેત્ર. આથી પૂર્ણયોગમાં જીવનમાં રહીને સાધના કરવાની છે. જંગલના એકાંતમાં જઇને બધો વખત સમાધિના દિવ્ય આનંદમાં લીન થઇને રહેવાની આ સાધના નથી. શ્રીમાતાજી કહે છે,'' તમે જંગલના એકાંતમાં શું કરો છો, તે મહત્વનું નથી. પણ તમે જીવનના સહુથી વધુ ગાઢ યુધ્ધમાં શું કરી રહ્યા છો, એ મહત્વનું છે. જંગલના એકાંતમાં તો માણસ શાંત સ્થિર રહી શકે એ કંઇ સિધ્ધિ ન ગણાય. પણ સંસારના તાપમાં જીવનના સંગ્રામમાં માણસ જો શાંતિ, સ્થિરતા, સમતા અને સહિષ્ણુતા દાખવે તો એની ચેતનાનો વિકાસ થયો ગણાય. પૂર્ણયોગ એ તો ચેતનાના વિકાસનો યોગ છે. માનવીની સામાન્ય ચેતનાનો વિકાસ થતાં થતાં એ પ્રભુની ચેતનામાં પલટાવવાની સાધના જીવનમાં રહીને જ થઇ શકે. આ સંદર્ભમાં પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે,'' તમે જીવનની સર્વ વસ્તુઓનો ત્યાગ કરીને જંગલના એકાંતમાં ચાલ્યા જાઓ એ જરૂરી નથી. હા, એ વસ્તુ સાચી છે કે તમે દુનિયામાં રહીને દુન્યવી પરિસ્થિતિમાં યોગ કરતા હો, ત્યારે એ વધારે અઘરું કામ બને છે. પણ એ પૂર્ણતાવાળું હોય છે. કેમ કે, તેમાં જીવનના અનેક પ્રશ્નોનો સામનો હોય છે. તેવું પણ બનતું હોય છે કે તેઓ તમને ન પણ સમજી શકે. ડગલે ને પગલે મુશ્કેલીઓ આવે છે. તેમાં તમારે પુષ્કળ ધૈર્ય અને અનાસકિત રાખવાં પડે છે. સમતા કેળવવી પડે છે એટલે એકાંતમાં ચાલ્યા જવા કરતાં રોજના વાતાવરણમાં રહીને યોગ કરવો સામાન્ય રીતે દુષ્કર હોય છે. ઘણું જ મુશ્કેલ પણ. આપણે કંઇ સહેલી વસ્તુ કરવા બેઠા નથી. સહેલી વસ્તુ તો જે લોકો રૂપાંતર વિષે વિચારતા

નથી તેમના પર છોડી દઈએ છીએ ''

ખરેખર જંગલના એકાંતમાં તો માણસ શાંત અને સ્થિર રહી શકે ધ્યાનમાં એકાગ્ર થઇ શકે. સમાધિમાં દિવ્યદર્શનો કરી શકે પણ પછી એ જ મનુષ્ય જનસમાજની વચ્ચે આવે અને પોતાનું ધાર્યું ન થાય કે પ્રતિકૂળતા આવે તો ગુસ્સે થઇ જાય છે. આમ પ્રકૃતિ બદલાતી નથી. આપણી પુરાણકથાઓમાં દષ્ટાંતો આવે છે કે આકરી તપશ્ચાર્યાને લઇને સિધ્ધિઓ જરૂર મળે છે. પણ ક્રોધ ઉપર કાબૂ આવતો નથી. મહાભારતમાં આવે છે કે ચંડકૌશિકે ઉગ્ર તપ કર્યું, તેથી સિધ્ધિ મળી. વૃક્ષ ઉપરથી બગલી ચરકી તો એવો ક્રોધ આવ્યો કે ઉગ્ર દષ્ટિથી તેની સામે જોતાં તે બળીને ભસ્મ થઇ ગઇ ! આમ સિધ્ધિ મળી પણ ક્રોધ ઉપર વિજય ન મળ્યો ! બહારની પ્રકૃતિ બદલાતી નથી. આ જ વાર્તામાં આગળ આવે છે કે તેને ભિક્ષા આપનાર ગૃહિણી કહે છે : 'મહારાજ, ઉગ્ર ન બનો હું કંઇ વનની બગલી નથી કે તમે મને બાળીને ભસ્મ કરી દો'' તેને ભારે આશ્ચર્ય થાય છે ! ગૃહિણીએ તેને કહ્યું : ઘરનું કામ કરતાં કરતાં, પતિની નિષ્ઠા પૂર્વક સેવા કરતાં કરતાં મારા હદયમાં જ્ઞાન જાગૃત થયું પછી તે ગૃહિણી ચંડકૌશિકને ધર્મવ્યાધ એટલે કે માંસ વેચવાનો ધંધો કરનાર કસાઇ પાસે જ્ઞાન લેવા મોકલે છે ! સમાજની વચ્ચે રહીને, દૈનિક જીવનના બધાં જ કાર્યો કરતાં કરતાં, આંતર ચેતનામાં જે પરિવર્તન આવે છે, તે સ્થાયી આવે છે આ દષ્ટાંતકથામાં ગૃહિણીએ સંસારમાં રહીને, બધી જ જવાબદારીઓ વહન કરીને, જે જ્ઞાન મેળવ્યું, ચેતનાની જે ઉચ્ચભૂમિકા પ્રાપ્ત કરી તે જંગલના એકાંતમાં કઠોર તપશ્ચર્યા દ્વારા પણ બ્રાહ્મણપુત્ર પ્રાપ્ત કરી શકયો નહોતો ! જો પ્રકૃતિમાં પરિવર્તન કરવું હોય તો જીવનનો સ્વીકાર કરીને જ થઇ શકે એટલે જ પૂર્ણયોગ એ એકાંતમાં, ગુફામાં કે હિમાલયની અગાધશાંતિમાં બેસીને સિધ્ધ થઇ શકતો નથી. પણ એ તો જીવનના કુરુક્ષેત્રમાં, સમરાંગણની વચ્ચે રહીને સિધ્ધ કરવાનો છે.

આપણે જીવનનો સ્વીકાર કરીએ એટલે કર્મોનો સ્વીકાર પણ આપોઓપ જ થઇ જાય છે. આ વિષે શ્રી અરવિંદે એકપત્રમાં લખ્યું છે; આપણે આ યોગમાં



જગતની કોઇ વસ્તુનો ત્યાગ કરવા માગતા નથી રાજકારણ ઉધોગ, સમાજ, કવિતા, સાહિત્ય, કલા વગેરે સઘળી વસ્તુઓ કાયમ રહેશે પરંતુ આપણે એ વસ્તુઓને એક નવો આત્મા, નવું રૂપ આપવું પડશે. આ યોગમાં કોઇ કાર્યોનો ત્યાગ નથી, પણ સાચી ચેતનામાં રહીને બધા કાર્યો કરવાના છે. પ્રત્યેક કાર્ય દ્વારા પ્રભુની અભિવ્યકિત કરવાની છે. શ્રી અરવિંદ આશ્રમમાં માનવ જીવનને સ્પર્શતી સઘળી પ્રવૃતિઓ જેવી કે ઉધોગ, ખેતી, સાહિત્ય, કલા, શિક્ષણ, આરોગ્ય વગેરે થઇ રહી છે. પરંતુ સામાન્ય માનવજીવનમાં પ્રવૃતિઓ અને કાર્યો પાછળનો જે હેતુ હોય છે, તેના કરતાં અહીં તદ્દન જુદો જ હેતુ છે. અહીં બધાં કાર્યો સાધનાના ભાગરૂપે શ્રીમાતાજીને અર્પણ રૂપે કરવામાં આવે છે. જીવનમાં જો ભગવાનને ઉતારવા હોય અને પ્રગટ કરવા હોય તો તે કાર્ય મારફત જ થઇ શકે. આ અંગે શ્રીઅરવિંદે એક સાધકને પત્રમાં લખ્યું હતું પૂર્ણયોગ જીવનમાં કર્મોનો ત્યાગ કરીને ફકત અંતર્મુખ અનુભૂતિથી જ સંતોષ માની શકે તેમ નથી. અહીં તો બહારના પરિવર્તન માટે અંતમાં જવાનુ છે. એટલે કે અંતરમાં રહેલા ભગવાન સાથે તાદાત્મય સાધીને કાર્યો કરતાં કરતાં બહાર પરિવર્તન કરવાનું છે. આથી આ યોગમાં ધ્યાન જેટલી જ કર્મને પણ અગત્યતા આપવામાં આવેલી છે. શ્રીમાતાજી કહે છે કે તમે ધ્યાનમાં જેટલી પ્રગતિ કરો એના કરતાં દશગણી વધારે પ્રગતિ સાચી રીતે કામ કરવાથી કરી શકો છો આ યોગમાં કર્મોના ત્યાગ કરીને પ્રભુચિંતન, સાધન-ભજન, સંકીર્તન, ધ્યાન, મનન એ બધું કરવામાં આવતું નથી. પણ દૈનિક જીવનના કાર્યો કરતાં કરતાં, પરમાત્માની ચેતના સાથે એકરૂપ થવાનું છે. શ્રીમાતાજીએ એક સાધકને જણાવ્યું હતું કે જેમ જેમ મારી ઉમર થતી જાય છે, તેમ તેમ હું વધારે જાણતી થઇ છું કે કર્મમાં જ શ્રીઅરવિંદનો પૂર્ણયોગ શ્રેષ્ઠ રીતે થાય છે.

**સમગ્ર જીવન યોગ છે :** શ્રીઅરવિંદના આ યોગમાં સમગ્ર જીવન અખંડ સાધના છે. આથી જીવનની કોઇપણ બાબતને નકામી કે નજીવી ગણીને છોડી શકાતી નથી. શ્રીમાતાજી કહે છે કે આ સાધનામાં કશું પણ નજીવું, નકામું કે એમ

ને એમ રહેવા દેવાનું છે જ નહીં. અખિલ જીવનનું જો પૂર્ણ રૂપાંતર કરવાનું હોય તો પછી એનાં કંઇ વસ્તુને છોડી શકાય ? આમાં જીવનને કંઇ બે વિભાગોમાં વહેંચી શકાતું નથી કે આંતરિક જીવન ભગવાન સાથે જોડાયેલું રહે અને બાહ્ય સપાટી ઉપરનું જીવન પ્રવૃતિઓ સાથે જોડાયેલું રહે કે જેને ભગવાન સાથે કોઇ સંબંધ ન હોય. આ યોગમાં આંતર - બાહ્ય એવા જીવનના વિભાગો પાડી શકાતા નથી. જીવન અખંડ છે. અવિભકત છે, અવિરત છે. આથી પૂર્ણયોગની સાધના અવિરત કરવાની છે. શ્રીમાતાજીએ વાર્તાલાપમાં આ વિષે જણાવ્યું હતું ; પૂર્ણયોગમાં સમગ્ર જીવનનું, જીવનની નાનામાં નાની વિગતનું વિસ્તૃત રીતે રૂપાંતર કરવાનુ છે. અહીં કશું જ નિરર્થક કે ઉપેક્ષિત નથી. જયારે ઘ્યાન ધરવું કે સારું પુસ્તક વાંચવું, ત્યારે પ્રકાશ અને ઊર્ધ્વચેતના પ્રત્યે ખુલ્લા રહેવાનું અને પછી ફરવા જવું કે મિત્રો સાથે ગપ્પાં મારવા, વગેરે ક્રિયાઓમાં પોતાની જાતને ભૂલી જવી આ વલણ પૂર્ણયોગમાં ન ચાલે, આવી રીતે પ્રભુ સાથે તાદાત્મય સાધી શકાય નહીં. તેઓ આગળ કહે છે કે, ઘ્યાનમાં, સમાધિમાં કેટલાક અનુભવો જરૂર થાય પરંતુ શરીર અને બહારનું જીવન એવું ને એવું અપરિવર્તિત રહી જાય, માત્ર ઘ્યાન કે સમાધિમાં થયેલાં આંતરદર્શનોથી ભૌતિક ચેતના બદલાતી નથી. એ માટે ઘ્યાનમાં પ્રાપ્ત થયેલાં પ્રકાશ અને શાંતિને રોજિંદા કાર્યોમાં પ્રગટ કરવાથી બાહ્ય ચેતનામાં પરિવર્તન આવે છે આથી જ શ્રીમાતાજી કહે છે કે તમારા માટે કોઇ કામ તુચ્છ કે નિરર્થક નથી જો આપણે કોઇ બાબતને નકામી ગણીને બાજુએ મૂકી દઇએ, તો તે અવચેતનામાં પડી રહે છે. પછી સંયોગો સર્જાતા તે એકાએક ફૂટી નીકળે છે, તે વખતે રૂપાંતર કરતા વધારે મુશ્કેલી પડે છે. આથી જીવનના વહેતા પ્રવાહમાં જે જે આવે, તે સઘળાંનો સ્વીકાર કરીને, તે બધાંને ભગવાનના પ્રકાશમાં મૂકીને ભગવાનની શકિત દ્વારા એ નિમ્ન વસ્તુઓનું દિવ્ય રૂપાંતર થાય એવી સતત અભીપ્સા કરતાં કરતાં પૂર્ણયોગની સાધનામાં આગળ વધવાનું છે.



# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ-૩

## મનસાતીત બ્રહ્મ

- માન

**સદસદ્રૂપમ્। સદસદતીતમ્। નાન્યત્ કિંચિદસ્તિ!**

**તે બ્રહ્મતત્વ સત્ અને અસત્ બન્ને સ્વરૂપ છે. તે તેથી અતીત પણ છે તેના સિવાય કાંઇ જ નથી.**

વેદાન્તમાં પરંપરાગત રીતે બ્રહ્મ તત્વને સદ્-રૂપ જ વર્ણવે છે. પણ શ્રી અરવિંદ અહિં તેને સત્ અને અસત્ બન્ને સ્વરૂપ ગણે છે. તેમનો કહેવાનો અર્થ છે કે બ્રહ્મતત્વ સત્ અને અસત્ બન્નેથી પર છે. બન્નેથી અતીત છે. અને તેથી બન્ને સ્વરૂપ છે. આ ઉપનિષદોની અને વેદોની પરંપરા છે. જેને શ્રી અરવિંદ અહિં અનુસરે છે. વ્યવહારમાં જે વાસ્તવિક હોય તેને આપણે ‘સત્’ કહીએ છીએ ગાય ખરેખર સામે ચરી રહી છે અને તે રીતે જ જાણવી એને ‘સત્ય’ કહે છે. ભૌતિક વાસ્તવિકતાને ભૌતિકસત્ય કહે છે.

પણ વેદોમાં નાસદીય સૂકતમાં જણાવે છે કે જો આ જગતને સત્ય માનીએ તો જગત નિર્માણ થયું એ પહેલાની ચેતનાની અવસ્થા અસત્ રૂપ જ ગણવી પડશે. કારણ ત્યાં જગતની વસ્તુઓ જેવી વસ્તુ જ હોતી નથી હોતી ભૌતિક કોઇ સાકાર વસ્તુ જ ન હોતી. તો પછી તે ‘અસત્’ છે. તે પોતાના સંદર્ભમાં તો ‘સત્’ જ છે ખરેખર નિરાકાર ચેતના પોતે પણ અસ્તિત્વ ધરાવતી જ હોય છે. તેને પોતાનું ‘સત્ય’ છે. તે પોતે પોતાનું ‘સત્’ ધારણ કરીને રહી છે.

ઋષિને કહેવું છે કે પરમ ચેતનાનાં અનેક સ્તરો છે. વિવિધ સ્તરોનાં વિવિધ સત્ય છે. તેની ખાસ પ્રકારની સત્તા છે. 'સત્' છે. આમ 'સત્' ની પણ શ્રેણીઓ છે.

શંકરાચાર્યે પણ છેલ્લે છેલ્લે આવા 'સત્'ના પ્રકારો માન્ય કરેલાં દા.ત. વ્યવહારિક સત્ય, પ્રાતિભાસિક સત્ય વગેરે.

જૈન ધર્મમાંનો સ્યાદવાદ પણ પોતાના પાર્શ્વભૂમિમાં આજ મૂળભૂત સિધ્ધાંતને માન્ય રાખે છે.

શ્રી અરવિંદે તો અચેતન, અવચેતન, ભૌતિક, શૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય, મનોમય, ચૈતસિક, અધિમાનસિક, અતિમાનસિક અને આધ્યાત્મિક સત્તાઓ માન્ય કરેલી છે.

શ્રી અરવિંદ મૂળભૂત રીતે માને છે કે એકજ સત્ય હોવા છતાં તે ચેતનાની વિવિધ કક્ષાએ વિવિધ સ્વરૂપો ધારણ કરી શકે છે. જેમ એકજ વ્યકિત પિતા, પુત્ર, ભાઇ, પતિ, કાકા, મામા, સંબંધી અને પડોશી એવા વિવિધ સંબંધથી રહી શકે છે તેમ એક જ સત્‌ના દર્શનો વિવિધ હોઇ શકે છે અને તે દર્શનો ફકત સત્યના એક પાસારૂપ હોવાથી એક સત્ય બીજા સત્યથી ભિન્ન પણ જણાય છે અને એકબીજાને નકારે પણ છે એમ પણ જણાય છે. મનને દરેક વસ્તૂને અતિરેકી બે છેડા વચ્ચે વિભાજીત કરવાની ટેવ છે. તેના મતે જે સત્ય છે તે અસત્ય બની શકતું નથી જે અસત્ય છે તે સત્ બની શકતું નથી. પણ ખરેખર આવી વાસ્તવિકતા નથી. એક દષ્ટિકોણથી એક વસ્તુ સત્ય હોય છે પણ બીજી દષ્ટિથી તે જ અસત્ય હોય છે. ગણીતની દષ્ટિએ શૂન્ય અસ્તિત્વ ધરાવે છે. ભૌતિક રીતે તેવું કોઇ અસ્તિત્વ નથી. એક જ 'સત્' ના દર્શન ભિન્ન હોઇ શકે છે. સત્‌નું લેબલ લગાડવું કે નહિ એ દર્શન નકકી કરે છે. અને દર્શન ચેતનાની કક્ષા પ્રમાણે બદલાય છે. ચેતના એ ચિરતંન સત્ છે. તે સનાતન સત્ છે. બાકી બધા 'સાપેક્ષ સત્' હોય છે. બીજું, મન ફક્ત ભૌતિક અસ્તિત્વનેજ વાસ્તવિક સત્ય ગણે છે. તે



દેહાધ્યાસના પ્રભાવમાં હોવાથી આવું તેને લાગે છે. ભૌતિક સત્ય છોડી તે બધાને અસત્ ગણે છે. પણ તેનું ભૌતિક-શરીર સાથેનો સંબંધ તુટતા જ તેને અન્ય સ્તરનાં પણ સત્ છે. તેની ખાત્રી થાય છે. આવી રીતે મનનો સત્ય અસત્ય વચ્ચેનો તીવ્ર ભેદ અને ફક્ત ભૌતિક સત્ય બાબતનો દુરાગ્રહ તેને સમગ્ર સત્યનાં દર્શનથી અળગું રાખે છે.

બ્રહ્મને સત્ કહો કે અસત્ કોઇ તફાવત પડતો નથી. તે ખરેખર તો અનિર્વચનીય છે, અવર્ણનીય છે. તેને નિશ્ચિત શબ્દોમાં વર્ણવવું શકય નથી. ભાષા ટૂંકી પડે છે. જે ત્રિકાળમાં અસ્તિત્વ ધરાવે છે તે જ ચિરંતન કે સનાતન સત્ છે. બ્રહ્મ બધું જ છે તેથી તેને સત્ અને અસત્ બન્ને તરીકે વર્ણવી શકાય છે. પણ તે સત્ કે અસત્‌માં બંધાતું નથી. તે ફકત 'તદ્' છે. તટસ્થ છે. અસ્તિત્વ માત્ર સ્વરૂપ છે. આમ તે સત્ અને અસત્ થી પર છે. અતીત છે એમ પણ કહી શકાય.

સારાંશ તેને સત્ કે અસત્ આવા માનસિક ખ્યાલોમાં બાંધી શકાતું નથી. મને નિર્માણ કરેલાં નિશ્ચિત શબ્દોમાં બાંધી શકાતું નથી. તે અનિર્વચનીય અને અવર્ણનીય જ છે. મનની કક્ષાથી પર છે. વાચાથી પર છે. 'અવાંગ્મનસગોચરઃ છે. તે તત્વ સર્વત્ર છે. ખરેખર તેના સિવાય કાંઇ નથી. તે બધુ જ છે અને બધાથી પર પણ છે. બ્રહ્મતત્વ નથી એવું સ્થળ નથી. તે નથી એવો કાળ નથી. તે નથી એવું રૂપ નથી. તે નથી એવું નામ પણ નથી. તે બધુંજ છે.

**'સર્વં ખલુ ઇદં બ્રહ્મ'**

**અમારા નવા પ્રકાશનો**

**સાધનાનું નૂતન દર્શન** - લે.માનસિંહ ચાવડા

હાર્ડ બાઉન્ડ, પેજ - ૩૮૬ - **કિંમત : રૂા.૨૪૦/-**

શ્રી માતાજીનાં Notes on the ways (સાધનાની નોંધ પોથી) માં નોંધાએલી કોષોની સાધનાની અનુભૂતિઓનો સળંગ, તર્કશુદ્ધ, યોગિક અર્થનું નિરૂપણ કરતો અદ્‌ભૂત ગ્રંથ.